નવેમ્બર ૨૦૨૧

# દાદાવાણી

છૂટક પ્રતના ₹ ૧૫



જેનું નિદિધ્યાસન કરે તે રૂપ થાય. દાદાનું નિદિધ્યાસન નિરંતર રહેવું જોઈએ.
આંખ મીંચીને દાદા દેખાય તો કુસંગ અડે જ નહીં ને !

## રાજકોટ : સત્સંગ - જ્ઞાનવિધિ : તા.૧૬ થી ૨૨ સપ્ટેમ્બર ૨૦૨૧



## સુરત : સત્સંગ - જ્ઞાનવિધિ : તા.૨૭ સપ્ટેમ્બર થી ૩ ઓક્ટોબર ૨૦૨૧



## દુબઈ : સત્સંગ - જ્ઞાનવિધિ : તા.૧૧ ઓક્ટોબર ૨૦૨૧



વર્ષ : ૨૭, અંક : ૩
સળંગ અંક : ૩૧૫
**નવેમ્બર ૨૦૨૧**
પાનાં : ૨૮

**Editor : Dimple Mehta**
© 2021,
Dada Bhagwan Foundation.
All Rights Reserved.
**Printed by & Published by**
**Dimple Mehta on behalf of**
**Mahavideh Foundation**
Simandhar City, Adalaj,
Dist.-Gandhinagar - 382421

Owned by & Published at
**Mahavideh Foundation**
Simandhar City, Adalaj,
Dist.-Gandhinagar - 382421

**Printed at**
**Amba Offset**
B-99, GIDC, Sector-25,
Gandhinagar – 382025.

**સંપર્ક સૂત્ર :**
**અડાલજ ત્રિમંદિર**, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો.: અડાલજ-૩૮૨૪૨૧
જિ. ગાંધીનગર, ગુજરાત.
**ફોન :** 9328661166-77
email:dadavani@dadabhagwan.org
www.dadabhagwan.org
**દાદાવાણી અંગે ફરિયાદ માટે**
ફોન / વોટ્સએપ : 8155007500

**લવાજમ (ગુજરાતી)**
**૫ વર્ષ**
ભારત : ૬૫૦ રૂપિયા
યુ.એસ.એ. : ૬૦ ડોલર
યુ.કે. : ૪૫ પાઉન્ડ
**વાર્ષિક સભ્ય**
ભારત : ૧૫૦ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૦ પાઉન્ડ
**D.D. / M.O.** 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.

# દાદાવાણી

## 'દાદા'નું નિદિધ્યાસન, તે રૂપ બનાવે પોતાને

### સંપાદકીય

પ્રસ્તુત અંકમાં 'અક્રમ વિજ્ઞાની' પરમ પૂજ્ય 'દાદા ભગવાન' (દાદાશ્રી) મહાત્માઓને પુરુષાર્થ અર્થે શ્રવણ, મનન, નિદિધ્યાસન અને તેના પરિણામે સાક્ષાત્કારના પગથિયા દર્શાવે છે. શ્રવણ એટલે અધ્યાત્મ સંબંધી સાંભળવું, મનન એટલે તેના ઉપર સારરૂપી વિચારણા કરવી અને જેટલું મનન થાય પછી એનું નિદિધ્યાસન થાય એટલે તે રૂપ થાય. જ્ઞાનવિધિ પછી દાદાશ્રી હંમેશાં કહેતા કે રાત્રે સૂતી વખતે દાદાને યાદ કરી આંખો બંધ કરીને ફોટો દેખાય, કાનને સંભળાય એવા ધીમા અવાજે 'હું શુદ્ધાત્મા છું,' બોલતા બોલતા દાદાનું નિદિધ્યાસન કરવું.

દાદાનો સ્થૂળ દેહ દેખાય, દાદા ફોટામાં દેખાય, તે બધું સ્થૂળ નિદિધ્યાસન છે. સૂક્ષ્મમાં જ્ઞાનીના મન-બુદ્ધિ-ચિત્ત-અહંકારનું નિદિધ્યાસન, આગળ સૂક્ષ્મમાં પાંચ આજ્ઞાનું નિદિધ્યાસન, આગળ સૂક્ષ્મતરમાં નિદિધ્યાસન એટલે શરીર બાદ કરીને દાદા પરમાત્મા સ્વરૂપે દેખાવા જોઈએ. એમના અનંત ગુણો જેવા કે જ્ઞાન, દર્શન, શક્તિ, સુખ એ બધું દેખાય. પછી એમના જ્ઞાયકપદનું નિદિધ્યાસન અને છેવટે સૂક્ષ્મતમ નિદિધ્યાસન એટલે કેવળજ્ઞાન સ્વરૂપે દાદા દેખાવા જોઈએ. નિયમ એવો છે કે જેનું નિદિધ્યાસન કરે તેની સીધી શક્તિઓ પોતાને પ્રગટ થાય.

દાદાની સંપૂર્ણ પ્યોરિટી, ટ્રાન્સપરન્સીવાળી દશા થઈ એટલે કુદરતી રીતે જ લોકોને એમના માટે આકર્ષણ થાય, એમનું નિદિધ્યાસન સહેજે થાય. મહાત્માઓને જુદી જુદી રીતે દાદાનું નિદિધ્યાસન થતું, જેમ કે દાદા ઈન્ડિયામાં હોય તો અમેરિકામાં દેખાય. ત્યારે સમજાય કે આવા પૂર્ણદશાના જ્ઞાની માટે દેવો પણ એમનું નિદિધ્યાસન કરવામાં લોકોને હેલ્પ કરે છે. તો ક્યારેક દાદાની પ્યોરિટીની ભાવનાથી એમનું સૂક્ષ્મશરીર પણ લોકોને નિદિધ્યાસન કરાવે અને ક્યારેક પ્રજ્ઞાશક્તિ કેવળ આત્મારૂપ વર્તે, તેથી પણ મહાત્માઓને નિદિધ્યાસન થાય. આમ મહાત્માઓની ચિત્તશુદ્ધિ પ્રમાણે, સમય-સંજોગ અનુસાર દાદાના દર્શન નિદિધ્યાસન રૂપે થયા કરે છે.

શરૂઆતમાં મહાત્માઓને જ્ઞાનીના દેહનું નિદિધ્યાસન રહેશે, પછી પોતાની દશા બદલાશે તેમ તેમ જ્ઞાનનું નિદિધ્યાસન રહેશે, દાદાની આંતરિક પરિણતિનું નિદિધ્યાસન રહેશે. જેમ જેમ મહાત્માઓનો પરિચય વધશે, તેમ તેમ આવરણ તૂટતાં ઓળખાણ પડતી જશે તેમ દાદાનું નિદિધ્યાસન થશે. અંતે દાદા જોડે અભેદતા એ જ પૂર્ણ નિદિધ્યાસન છે ! જેને આવું નિદિધ્યાસન રહેશે તેને કોઈ વાંધો નહીં આવે, જ્યારે સ્થૂળ હાજરી ખોળશે તો વાંધો આવશે.

જ્યાં સુધી આત્માનું સ્પષ્ટવેદન નથી, ત્યાં સુધી જ્ઞાની પુરુષનું નિદિધ્યાસન એ જ સ્પષ્ટવેદન છે. હવે પુરુષાર્થ રૂપે સ્થૂળ, સૂક્ષ્મ, સૂક્ષ્મતર, સૂક્ષ્મતમ નિદિધ્યાસન તો એક જ્ઞાની પુરુષનું જ કરવા જેવું, જે મહાત્માઓને સહેજે વીતરાગ બનાવી દેશે.

**જય સચ્ચિદાનંદ.**

# ‘દાદા’નું નિદિધ્યાસન, તે રૂપ બનાવે પોતાને

## શ્રવણ-મનન-નિદિધ્યાસન-સાક્ષાત્કાર

**પ્રશ્નકર્તા :** વેદાંતમાં શ્રવણ-મનન અને નિદિધ્યાસન - આ ત્રણ શબ્દો વાપરે છે. પછી તમે જે કહો છો તે સાક્ષાત્કાર એ ચોથું આજે ઉમેરાયું. હવે શ્રવણ, મનન, નિદિધ્યાસન ને ચોથું સાક્ષાત્કાર કોને કહેવાય ?

**દાદાશ્રી :** શ્રવણ એટલે અધ્યાત્મ સંબંધી સાંભળવું. અધ્યાત્મ સાંભળવું એનું નામ શ્રવણ કહેવાય.

શ્રવણ એટલે તો, આ અમારા મોઢે સાંભળે એ બધું શ્રવણ કહેવાય. અને ક્રમિક માર્ગના જ્ઞાનીઓના મોઢે સાંભળે તેય શ્રવણ કહેવાય છે.

મનન એટલે તેની પર વિચારણા કરવી. જેટલું મનન કરીશ એટલું નિદિધ્યાસન થશે અને નિદિધ્યાસન એટલે તે રૂપ થયા કરવું. જે બોલ્યા છે, જેવું સાંભળ્યું એવું એવું જ થઈ જવું, અને નિદિધ્યાસન જેટલું થશે એટલો સાક્ષાત્કાર થશે. એટલે વાંચેલું એ જ્ઞાન, સાક્ષાત્ થવા માટેનું. ત્યારે એનું મૂળ સ્વરૂપ પ્રાપ્ત થાય આપણને.

આ બધું શ્રવણ કર્યું. શ્રવણ એટલે તમે વાંચન કર્યું કે સાંભળ્યું ગમે તે રસ્તે, વ્યાખ્યાનમાં ગયા ને સાંભળ્યું, પણ જો એ બધાના ફળરૂપે જો મનન ન થતું હોય, મનન ચાલુ ન થતું હોય, તો પછી શ્રવણ કરેલું નકામું તે. અને મનનના ફળરૂપે જો નિદિધ્યાસન ન થતું હોય તો નકામું છે. નિદિધ્યાસનના ફળરૂપે સાક્ષાત્કાર થવો જોઈએ.

## દાદા શીખવે જ્ઞાનમાં પ્રમાણ

**પ્રશ્નકર્તા :** હમણાં એવું બન્યું કે તબિયત સારી નહોતી. એટલે ડૉક્ટરે કીધું કે ‘બે-ત્રણ વીક બહાર જવાનું નથી.’ એટલે કીધું કે હા, બરાબર મોકો મળ્યો. હવે એકથી છેલ્લે સુધી બધી આપ્તવાણી વાંચી જઉં. તો ત્યાં દાદાનું નિદિધ્યાસન થયું. પછી દાદાએ કહ્યું કે અલ્યા, ‘આ વાંચ-વાંચ શું કરે છે ?’ એટલે તે દિવસથી બધું વાંચવાનું મૂકી દીધું છે. તો હવે મારે એ પૂછવાનું કે મારે વાંચવું કે નહીં વાંચવું ?

**દાદાશ્રી :** એવું છે, વાંચો ખરા, પણ આ વાક્ય સાંભળી લો. બહુ વાંચવાથી મનન શક્તિ ઘટે છે. બહુ મનન કરવાથી નિદિધ્યાસન શક્તિ ઘટે છે. બહુ નિદિધ્યાસન એ છેલ્લામાં છેલ્લું છે. એનો એક્સેસ (વધારે)નો વાંધો નથી. બાકી ત્યાં સુધી ભાંજગડ.

એટલે લોકોએ તો વાંચી વાંચીને આખા કૃપાળુદેવના પત્રો મોઢે જ કરી નાખ્યા. અલ્યા મૂઆ, મનન શક્તિ ખલાસ થઈ ગઈ ! બધું પ્રમાણસર સારું. જરૂર પૂરતું બધું જોઈએ, પ્રમાણસર. પ્રમાણથી બહાર તો બધુંય અવળું જ કહેવાય ને ? મીઠું વધારે નાખીએ તો ?

**પ્રશ્નકર્તા :** પ્રમાણ ના ચૂકાવું જોઈએ. પણ પેલો સાક્ષાત્કાર ના થાય ત્યાં સુધી નિદિધ્યાસન સારું ને ?

**દાદાશ્રી :** સારું ને ! ઘણુંય સારું. નિદિધ્યાસન, એના જેવું એકુંય નહીં ને ! મા ના હોય ને માસી હોય તોય એનું કામ ચાલે.

**પ્રશ્નકર્તા :** ના, એટલે એનો સંબંધ કેવી રીતે છે ? આ વાંચન, મનન, ચિંતવન, નિદિધ્યાસન, અને સાક્ષાત્કાર. એને કેવી રીતે કનેક્શન છે ?

**દાદાશ્રી :** આ આટલું જ દૂધ હોય, તેમાં આટલું દહીં નાખીએ તો શું થાય ?

**પ્રશ્નકર્તા :** દૂધ ફાટી જાય.

**દાદાશ્રી :** એ તો ઊલટું દહીં ના થાય. આટલું પ્રમાણસર નાખવું પડે. તે પેલો નોબલ હોય ને વધારે નાખી દે તો ? કહેશે, આ નોબલ સ્વભાવનો છે, મોટા મનનો. દહીં વધારે નાખી દે, ત્યારે શું થાય ?

આ વલોવણું વલોવીએ ને, દહીંમાંથી માખણ કાઢવા માટે, તેય વધારે વલોવીએ તો ઊલટું જતું રહે. આવ્યું હોય તેય જતું રહે. તે પછી શું કરવું પડે, પાછું ? ગરમ પાણી રેડે ત્યારે વળી પાછું આવે ફરી. ઉપાય કરવા પડે ને ! નહીં તો આવ્યું હોય તેય જતું રહે. એવું બધું પ્રમાણથી વધુ એ કરે ને, તો બધી નુકસાની.

**પ્રશ્નકર્તા :** એવું ખરું દાદા, કે બહુ નિદિધ્યાસન કરવાથી સાક્ષાત્કાર અટકે છે ?

**દાદાશ્રી :** ના.

**પ્રશ્નકર્તા :** અટકતો નથી, તો થાય છે ?

**દાદાશ્રી :** થાય ને ! એ નિદિધ્યાસનનું ફળ જ એ છે. એ સાક્ષાત્કાર થાય તો જ નિદિધ્યાસન ચાલે.

**પ્રશ્નકર્તા :** પણ નિદિધ્યાસન એ જ સાક્ષાત્કાર નહીં ?

**દાદાશ્રી :** એ જ સાક્ષાત્કાર.

**પ્રશ્નકર્તા :** એ જે નિદિધ્યાસન છે એ શેનો સાક્ષાત્કાર ? પોતાના આત્માનો કે...

**દાદાશ્રી :** આત્મા, મૂળ આત્મા જ ને !

પોતે પોતાના 'સેલ્ફનું રિયલાઈઝ' કર્યું તે સાક્ષાત્કાર ! આ આખું વિજ્ઞાન જ છે, અવિરોધાભાસી વિજ્ઞાન છે. અને વિજ્ઞાનની ભૂમિકા શું છે ? તમારા સર્વ પાપો ભસ્મીભૂત કરી નાખે છે. તેના વગર તો તમે સાક્ષાત્કાર પામો જ નહીં અને સાક્ષાત્કાર પામ્યા સિવાય મોક્ષે જઈ શકો નહીં, અને તે સાક્ષાત્કારયોગ નિરંતર રહેવો જોઈએ. એક ક્ષણ પણ સાક્ષાત્કારયોગ ના બદલાય. એની જાતે જ રહે, આપણે યાદ ના કરવો પડે. જ્યાં દૃષ્ટિ દ્રષ્ટામાં પડે, જ્ઞાન જ્ઞાતામાં પડે, ત્યારે સાક્ષાત્કાર થાય.

(અને બહાર અજ્ઞાનતામાં) સાચા ભક્ત થવું હોય તો શરૂઆતમાં ભગવાન યાદ ના રહેતા હોય તો બહાર મંદિર દેખાય ત્યાં ભગવાનના દર્શન કરજે. પછી એમ કરતાં કરતાં ભગવાન યાદ રહેવા માંડ્યા એટલે પછી મહીં આત્માને જ ભગવાન તરીકે માનશો તો સાચા ભક્ત થશો. અને તમારો આત્મા જ્યારે સાક્ષાત્કાર આપે ત્યારે તમે ભગવાન થયા હશો !

## ...સારરૂપી નિદિધ્યાસન

જે શ્રવણ કર્યું ને, તેના સારરૂપનું મનન થવું જોઈએ અને તેના સારરૂપ નિદિધ્યાસન થવું જોઈએ. તેના સારરૂપ, તે સારનો, પરમાર્થનો સાક્ષાત્કાર થાય. પછી જ્ઞાની મળે ને તો વાત, એ વસ્તુ જુદી. એ નિદિધ્યાસન મળે તો તે રૂપ જ કરી નાખે. પણ ત્યાં સુધી આ ઊંચે ચઢાવીને તો આપણને બેસાડી દે.

**પ્રશ્નકર્તા :** બરોબર, પણ પછી છૂટું પડવું જોઈએ ને ! પછી છૂટું પાડનાર કોઈ જોઈએ ને ?

**દાદાશ્રી :** હા, જોઈએ, જોઈએ. પછી એ છેલ્લું... !

**પ્રશ્નકર્તા :** દાદા, એ શબ્દ કાને પડે તો મનન કરતી વખતે પ્રશ્ન ઊભો થાય. પછી એ પ્રશ્નનો ખુલાસો કરવા માટે જ્ઞાની જોઈએ જ ?

**દાદાશ્રી :** જોઈએ જ. પણ તે ભેગા થઈ જાય એ તો. આ જે આટલો પુરુષાર્થી છે ને, એને ભેગા થઈ જાય.

## નિદિધ્યાસન માટેના પગથિયા

**પ્રશ્નકર્તા :** નિદિધ્યાસન, સાક્ષાત્કાર થવા માટેના, ઘડતર માટેના પગથિયા અંગેની વિગત આપો ને !

**દાદાશ્રી :** ત્યાં આવીને અમારી પાસે બેસો ને, એટલે તે રૂપ થતા જાવ. જેનું નિદિધ્યાસન કરીએ ને, તે રૂપ આપણને સીધી-ડિરેક્ટ શક્તિ પ્રાપ્ત થાય, જોડે બેસવાથી જ. એ વાતાવરણ બહુ જુદી જાતનું હોય ! વાતાવરણની અસર થાય કે ના થાય ?

હવે આ અક્રમ વિજ્ઞાન છે, એટલે તમને આ સ્ટેપિંગ ના લીધા. તમને પહેલું સાક્ષાત્કાર કરાવ્યો, હવે સ્ટેપિંગનું જોઈ લેજો. એટલે તમારે દાદા જ્યારે જુઓ ત્યારે હાજર જ હોય. હવે એ દાદા અહીં ના હોય, ત્યારે આપણે શું કરવાનું ? ત્યારે કહે, નિદિધ્યાસનના કામમાં હોઈએ. પણ આંખ મીંચીને દેખાય આપણને આમ. શ્રવણ, મનન તો બધું થઈ ગયેલું થા થા જ કરે છે ને !

**પ્રશ્નકર્તા :** નિદિધ્યાસન માટેના સ્ટેપિંગમાં ઉપર કહ્યું કે જોઈ લેજો તો તેની વિગત જાણવી છે !

**દાદાશ્રી :** હવે એના સ્ટેપિંગ શું છે ? જેમ કૉલેજમાં ફર્સ્ટ યરમાં જઈએ, તેમ પહેલું સાંભળવું પડે. લોક કહે કે દાદા આવા છે ને તેવા છે, તે સાંભળે એ પહેલા. એટલે પહેલા કાન વપરાઈ જાય.

પછી નક્કી થાય કે મારે દર્શન કરવા જવું છે. અને દર્શન કરીને જો પાછો જતો રહ્યો તો નકામો. અને જો મનનમાં પડ્યો, એના વિચારમાં જ પડ્યો એટલે મનન થાય પછી શ્રવણમાંથી. એ સેકન્ડ યરમાં ગયો. ફર્સ્ટ યરથી સેકન્ડ યરમાં આવ્યો. પહેલું શ્રવણ થાય, પછી મનન થાય એ વસ્તુનું. શ્રવણ થયા વગર મનન કોનું કરીએ ? શ્રવણ થાય એટલે આપણે જઈએ. એટલે સેકન્ડ યર થયું ને ? અને મનનમાંથી નિદિધ્યાસનમાં જાય, છેલ્લા વર્ષમાં. અને નિદિધ્યાસનની ઉપર સાક્ષાત્કાર.

શ્રવણ, મનન અને નિદિધ્યાસન ને સાક્ષાત્કાર. આ તો સાક્ષાત્ જ છે દાદા તો. આ પેલા સાક્ષાત્‌વાળાનું શું થાય ? એક-એક સેકન્ડ જ, ઝલક દઈ જાય એટલું જ. એને એ લોકો તો (માને કે) બધો સાક્ષાત્કાર થયો !

## ઊંધું નિદિધ્યાસન, તો તેવી અસરો

જગત આખું અનંતકાળથી નિદિધ્યાસન કર કર કરે છે, સાક્ષાત્કાર કરવા માટે. મૂઆ, તું ઊંધું નિદિધ્યાસન કરે છે, તે ઊંધો સાક્ષાત્કાર થાય છે. તમે જેવું નિદિધ્યાસન કરશો તેનો તરત જ સાક્ષાત્કાર થાય. આ ચંદુ* સહેજ જ બોલે કે ઘણી નબળાઈ આવી ગઈ છે, તો તરત જ નબળાઈનો સાક્ષાત્કાર થાય જ ને નબળો પડી જાય. અલ્યા, નબળાઈ આવે તો ચંદુને આવે, આપણે શું ?

'મારું ઘર સળગ્યું' બોલ્યો ને, તો આવી જ બન્યું, પછી ભલેને તે જ્ઞાની હોય. નિદિધ્યાસન કર્યું તો ભારે ફળ આવશે. ઘર ભલેને બળે, આપણે તો હોલવવાનું છે. સળગ્યું તોય વ્યવસ્થિત, હોલવાયું તોય વ્યવસ્થિત, ના હોલવાયું તોય વ્યવસ્થિત. આપણા જ્ઞાનીઓને તો કંઈ અડેય નહીં ને નડેય નહીં.

'મારાથી આ કામ નહીં થાય' એવું ક્યારેય બોલવું નહીં. બહુ જાગૃતિપૂર્વક બોલવું જોઈએ, નહીં તો તે નિદિધ્યાસનનું ફળ તરત જ મળશે. ને તેવું કામ આવે તો એમ કહેજો કે આ કામ ચંદુભાઈથી નહીં થાય. માટે હવે તમને જ્ઞાન આપ્યું છે, તો આત્માનું નિદિધ્યાસન કરજો.

*ચંદુલાલની જગ્યાએ વાચકે પોતાનું નામ સમજવું.

### કુસંગમાં નિદિધ્યાસને પડે ગાંઠ વિષયની

બીજું, નિદિધ્યાસન એટલે કે 'આ બહેન દેખાવડી છે કે આ ભાઈ દેખાવડો છે.' એવો વિચાર કર્યો, એ નિદિધ્યાસન થયું એટલી વાર. વિચાર કર્યો કે તરત જ નિદિધ્યાસન થાય. પછી પોતે એવો થઈ જાય. એટલે આપણે જોઈએ તો આ ડખો થાય ને ? એના કરતાં આંખ નીચે ઢાળી દેવી જોઈએ, આંખ માંડવી જ ના જોઈએ. આખુંય જગત ફસામણ છે. ફસાયા પછી તો છુટકારો જ નથી. આખી જિંદગીઓની જિંદગી ખલાસ થાય, પણ એનો 'એન્ડ' જ નથી !

જેનું નિદિધ્યાસન કરે તે રૂપ થાય. આ કોઈ ગ્રેજ્યુએટ હોય, પણ જો એ ખેતરમાં જઈને બળદિયા જ ચલાવે તો બળદિયા રૂપ થઈ જાય, કારણ કે એનું નિદિધ્યાસન થાય છે. તેથી જેના સંગમાં આવ્યો અને તેનું નિદિધ્યાસન થાય તો તે રૂપ થઈ જાય.

કેટલાક પુરુષો સ્ત્રીઓનું નિદિધ્યાસન કરે, પણ એને નિદિધ્યાસન ના કહેવાય, ધ્યાન કહેવાય. અને કેટલીક સ્ત્રીઓ પુરુષોનું નિદિધ્યાસન કરે છે. એટલે બધા પુરુષ સ્ત્રીઓ થઈ જાય ને સ્ત્રીઓ પુરુષ થઈ જાય. એટલે ના દહીંમાં રહ્યા ને ના દૂધમાં, બેઉ બગડ્યા.

સ્ત્રી અગર વિષયમાં રમણતા કરીએ, ધ્યાન કરીએ, નિદિધ્યાસન કરીએ, તો એ ગાંઠ પડી જાય વિષયની.

### ના અડે કુસંગ, દાદાના નિદિધ્યાસને

**પ્રશ્નકર્તા :** ઓફિસમાં બધે કુસંગ બહુ છે. ત્યાં બધી આવી વિષયોની ને આવી જ વાત ચાલતી હોય એટલે એ રમણતા એની જ ચાલ્યા કરે.

**દાદાશ્રી :** આ જગત અત્યારે કુસંગ સ્વરૂપ જ છે. એટલે કોઈ જોડે ઊભું રહેવા જેવું નથી કશે.

**પ્રશ્નકર્તા :** એમ થાય કે ક્યારે છૂટે આ !

**દાદાશ્રી :** કાં તો એકલા બેસી રહેવું, કાં તો અહીં આવીને સત્સંગમાં પડી રહેવું, ગમે ત્યારે. કુસંગમાં નથી ઊભું રહેવા જેવું. ઓફિસમાં કુસંગ મળી આવે છે, નહીં ?

નર્યું કુસંગનું જ વાતાવરણ છે. એટલે કુસંગમાં જો કદી તરબોળ થઈ જાય, તો થોડો માર ખઈ જાય.

**પ્રશ્નકર્તા :** પણ હવે એ જોઈએ જ નહીં ને ! કુસંગ જ ના જોઈએ હવે.

**દાદાશ્રી :** એ ના જોઈએ પણ અહીં કોઈ માણસ એવા કુસંગમાં ઝંપલાઈ જાય ને તો પડી જાય, માટે કુસંગથી છેટા રહેવું, એવું અમારું કહેવાનો ભાવાર્થ છે. બાકી કોઈ આમાં નામ ના દે એવું આ જગત છે. અત્યારે આ જે ગોઠવણી કરે ને, તેમાં એટલું ચેતવું. બીજું બધું વ્યવસ્થિતમાં છે, જ્યાં ચિંતા કરવાની જગ્યા નથી.

કુસંગ થઈ જાય તો પછી ભાંજગડ પડી જાય કોઈ ફેરો. તેય થોડો ટાઈમ માટે સત્સંગની વધારે પુષ્ટિ મળે તો પેલું ઊડીય જાય. તે કો'ક ફેરો જોખમ છે. હંમેશાં અપવાદ તો હોય ને ! માટે કુસંગથી છેટા રહેવું.

**પ્રશ્નકર્તા :** કુસંગ તો જોઈએ જ નહીં હવે.

**દાદાશ્રી :** પણ તોય જેમ બનેને તેમ, વધારે સત્સંગીઓમાં પડી રહેવું. ભલે ગાળો દે તોય એની જોડે પડી રહેલા સારા. ગાળો દે તોય વાંધો નહીં, સત્સંગીઓને ત્યાં.

**પ્રશ્નકર્તા :** હા, દાદા, હમણાં આ થ્રી વિઝન સારું રહે છે.

**દાદાશ્રી :** થ્રી વિઝન તો બહુ કામ કાઢી નાખે. નિદિધ્યાસન દાદાનું રહે છે ને ? એ

નિદિધ્યાસનથી બધું ફળ મળે. નિદિધ્યાસન પછી ઈચ્છા જ ના થાય કોઈ ચીજની. ભીખ જ ના હોય.

**પ્રશ્નકર્તા :** પણ મને નોકરીનો જરા પણ શોખ નથી.

**દાદાશ્રી :** શું કરીશું ના જાવ તો ? બહારનો કુસંગ અડવો ના જોઈએ, દાદાનું નિદિધ્યાસન નિરંતર રહેવું જોઈએ. આંખ મીંચીને દાદા દેખાય તો કુસંગ અડે જ નહીં ને ! દાદાને જોયા કરવા એ જ મોટામાં મોટો સત્સંગ.

## શક્તિ પામવાનો ઉત્તમ રસ્તો

**પ્રશ્નકર્તા :** આપે રાત્રે પેલું નિદિધ્યાસન કરવાનું કહ્યું'તું અને 'હું શુદ્ધાત્મા છું' બોલતા બોલતા સૂઈ જવાનું કહ્યું. તો આ નિદિધ્યાસન અને આ બોલવાનું એની પાછળ સાયન્ટિફિક બેઝ (વૈજ્ઞાનિક આધાર) શું છે ?

**દાદાશ્રી :** જેનું નિદિધ્યાસન કરીએ ને, તેની શક્તિ આપણને ડિરેક્ટ (સીધી) પ્રાપ્ત થાય. નિદિધ્યાસનથી ચિંતવના થાય અને એમનામાં જે શક્તિ હોય, તે આપણને ડિરેક્ટ પ્રાપ્ત થાય. તે બીજો રસ્તો નહીં ને શક્તિ પ્રાપ્ત કરવાનો, એટલે આ ઉત્તમ રસ્તો. તમે જોડે ને જોડે રહો, ત્યારે તો રોજ આખો દહાડો મોઢું જોયા કરીએ એટલે પછી થાય જ. આ પેલો બીજો રસ્તો નથી ને, એટલે આ રસ્તો ખોળી કાઢેલો. તને રહેશે કે નહીં રહે ?

**પ્રશ્નકર્તા :** રહેશે.

**દાદાશ્રી :** આંખો મીંચું તો દાદા દેખાય ને ?

**પ્રશ્નકર્તા :** હા, દેખાય. અને સવારે દાદા ભગવાનના અસીમ જય જયકાર કરતા ખુલ્લી આંખે દાદાજીના ફોટા સામું જુએ તો એને નિદિધ્યાસન કહેવાય ?

**દાદાશ્રી :** ના. નિદિધ્યાસનમાં આંખ મીંચીને દેખાય. એ થયું તો પછી શું ? બહુ લાભકારી એ તો.

## નિદિધ્યાસનથી મળે અસલ ચૈતન્ય શક્તિ

**પ્રશ્નકર્તા :** દાદા, આ નિદિધ્યાસન થાય છે આપનું, આપના દર્શન થાય છે એ શું છે ? અસલ ચૈતન્ય તે શું છે ?

**દાદાશ્રી :** અમારી શક્તિ ડિરેક્ટ પ્રાપ્ત થઈ જાય.

**પ્રશ્નકર્તા :** તે અસલ ચૈતન્ય છે ?

**દાદાશ્રી :** એ નિદિધ્યાસન કરો ને, એટલે અસલ ચૈતન્ય શક્તિ મહીં ઉત્પન્ન થઈ જાય. મહીં આ નિદિધ્યાસનમાં ચૈતન્ય સાથે આવ્યું. એટલે તમને અંદર શક્તિ જબરજસ્ત વધી જાય.

દાદા ભગવાનને યાદ કરો એટલે એમના પરમાણુ તમારામાં ખેંચાય, યાદ કરતાની સાથે.

**પ્રશ્નકર્તા :** અને સીમંધર સ્વામી ?

**દાદાશ્રી :** હા, એમને યાદ કરતાની સાથે પ્રત્યક્ષ પરમાણુ એમના પેસે.

## નિદિધ્યાસનમાં દેખાય પ્રતિબિંબ

**પ્રશ્નકર્તા :** આ નિદિધ્યાસન કહ્યું, એ આખી મૂર્તિની કલ્પના કરવી જોઈએ ને ? પહેલાં તો આભાસ થવો જોઈએ ને ?

**દાદાશ્રી :** નિદિધ્યાસન એટલે બિંબ દેખાવું, ગમે તેવું. બુદ્ધિ એક્ઝેક્ટ નિદિધ્યાસન ના દેખાડે.

**પ્રશ્નકર્તા :** ઓળો પડે ?

**દાદાશ્રી :** હા, ઓળો પડે, બસ. પણ બુદ્ધિ એક્ઝેક્ટ ના દેખાડે. બુદ્ધિ હોય તે, એક્ઝેક્ટનેસને ભૂંસી નાખે.

**પ્રશ્નકર્તા :** તો પછી એનું શું કરવાનું ?

**દાદાશ્રી :** કશો વાંધો નહીં. ઓળો પડે એટલે બહુ થઈ ગયું.

**પ્રશ્નકર્તા :** નિદિધ્યાસનમાં પ્રતિબિંબ પડવું જોઈએ ?

**દાદાશ્રી :** તો જ એમની ડિરેક્ટ શક્તિ મળે.

## ફેર, સ્મરણ અને નિદિધ્યાસનમાં

**પ્રશ્નકર્તા :** દાદા, આપના સ્મરણ અને નિદિધ્યાસનમાં કંઈ ફેર ખરો ?

**દાદાશ્રી :** નિદિધ્યાસન તો મુખારવિંદ સાથે રહે અને સ્મરણ મુખારવિંદ વગર રહી શકે. નિદિધ્યાસન, મુખારવિંદ સાથેનું બહુ કામ કાઢી નાખે. 'દાદા' 'એક્ઝેક્ટ' ના દેખાય તેનો વાંધો નથી, આંખો ના દેખાય તોય વાંધો નથી, પણ મૂર્તિ દેખાવી જોઈએ. જેનું નિદિધ્યાસન કરીએ તે રૂપ થવાય. 'દાદા' પોતે સ્વભાવના કર્તા છે. દાદા 'એક્ઝેક્ટ' દેખાય તો તે સ્વરૂપ થવાય, આપણે પણ સ્વભાવના કર્તા થઈએ ! દાદાનું સ્મરણ રહે તોય સારું ને નિદિધ્યાસન રહે તોય સારું.

**પ્રશ્નકર્તા :** સતત નિદિધ્યાસન નથી રહેતું.

**દાદાશ્રી :** દાદાના સ્મરણમાં મનની ચંચળતા રહે, ચિત્તની ચંચળતાય હોય અને નિદિધ્યાસનમાં ચંચળતા ના રહે. નિદિધ્યાસનમાં ચિત્તને ત્યાં રહેવું પડે. ચિત્ત હાજર હોય ત્યાં સુધી જ કામ ચાલે. મનની ચંચળતાનો વાંધો નથી, પણ ચિત્તને ત્યાં હાજર જ રહેવું પડે અને જ્યાં ચિત્ત હાજર રહે ત્યાં મનને બેસી રહેવું પડે. છતાંય આખો દહાડો દાદાનું સ્મરણ રહે તો બહુ થઈ ગયું. પણ જોડે જોડે થોડું નિદિધ્યાસન રહે તો સારું.

'અમારે' ચિત્ત જરાય આઘુંપાછું ના થાય. જ્યાં છે ત્યાં જ બધું રાખો. રાજાયે ત્યાં ને લશ્કરેય ત્યાં ! અમારી જોડે બેસો તો તમારું લશ્કરેય એવું થઈ જાય ! ચિત્ત ઠેકાણે રહે તો નિદિધ્યાસન થાય.

## સૂક્ષ્મ દેહ કામ કરે જબરજસ્ત

**પ્રશ્નકર્તા :** ઘણી વખતે ધારો કે ખૂબ જ એકાકાર થઈ ગયો હોય, એને છે તે ઘેર બેઠા આપના દર્શન થાય પણ એ દર્શન કેવા, કે આપ રીતસરના જાતે હાજર થયા હોય અને આમ આપના ચરણને સ્પર્શ કરે એવા અનુભવ થાય છે, તો એ શું ?

**દાદાશ્રી :** એ અનુભવ હોય. એ તો જેણે જોયા હોય ને, તે અનુભવ સાચો. અત્યારે મને જોઈને ઘણા મહાત્માઓના મનમાં દાદા રાત-દહાડો દેખાયા જ કરે છે. એમની જોડે વાતો હઉ કરે છે. કેટલાય માણસો તો મને એમ કહે છે, કે તમે આવ્યા'તા ને મારી જોડે ! ઉઘાડે છોગે વાતચીત કરનારા ઘણા છે. બધાને મળે છે, વાતચીત થાય છે, કારણ કે દાદાનો સૂક્ષ્મ દેહ બહાર બધે ફર્યા કરે છે, આખા વર્લ્ડમાં ફરે છે એ અને તે બધાને અનુભવ થાય છે જ.

**પ્રશ્નકર્તા :** દાદાનો પણ એ કાયમી સંબંધ ચાલુ જ હોય છે, કે જેમ તમે ટેલિફોન રિસિવર ઉપાડો તો હું તમને વાત કરું જ છું, તો એ વાત બરોબર છે ને ?

**દાદાશ્રી :** હા, આજે રાતે બે વખત આવી ગયો'તો હું, તમારી પાસે ! અને તે કેટલાકને તો દર્શન થઈયે જાય છે, કેટલાકને નાયે થાય, એ સંજોગો ઉપર આધાર રાખે છે.

**પ્રશ્નકર્તા :** કોઈ વાર અમને દેખાય એવા દર્શન આપો તો...

**દાદાશ્રી :** હા, એ થશે. જેમ જેમ તમારો અમારી સાથે પરિચય વધશે ને, તેમ આવરણ તૂટતું જશે. તમારા-મારા વચ્ચે જે આવરણ છે,

એટલે નથી દેખાતા. બાકી નિરંતર દેખાય એવા છે. કેટલાય લોકોને એક ક્ષણવાર આઘુંપાછું નહીં, નિરંતર દેખાયા જ કરે.

આ રાતે સૂઈ જાય છે ને, તે રાતે ઊંઘ આવે નહીં પણ આખી રાત દાદાની જોડે જ હોય છે. જો કેટલા પાકા છે ! મેં કહ્યું, 'ઊંઘ આવી'તી ?' ત્યારે કહે, 'ના, ઊંઘ ના આવે તોયે આઘુંપાછું સહેજે નહીં, કશુંયે નહીં.' મેં કહ્યું, 'એટલે બહુ થઈ ગયું. વધારે શું જોઈએ આપણે ?' હાજરી છે તેનું નિદિધ્યાસન હોય. જે પ્રત્યક્ષ નથી, એનું નિદિધ્યાસન હોય નહીં. ફોટા ઉપરના દર્શન લીધેલા, એકાગ્રતા લાવે.

**પ્રશ્નકર્તા :** અમે ઘેર તમારું નિદિધ્યાસન કરીએ છીએ તે પ્રત્યક્ષ કે પરોક્ષ ?

**દાદાશ્રી :** એ પ્રત્યક્ષ. જ્યાં સુધી અમે હાજર છીએ ત્યાં સુધી આ અમારો ફોટોય પ્રત્યક્ષ છે. 'હું શુદ્ધાત્મા છું'નું ધ્યાન વખતે કોઈને એ ના રહેતું હોય ને 'દાદા' જ ધ્યાનમાં રહેતા હોય તો તે બેઉ એક જ છે. કારણ કે 'જ્ઞાની પુરુષ' એ જ તમારો આત્મા છે.

**પ્રશ્નકર્તા :** આજે જ આપના પ્રત્યક્ષ દર્શન કર્યા. પણ માંદગી દરમિયાન આપનું સાહિત્ય વાંચ્યું, ત્યારે આપની આંખ અને કપાળના દર્શન થયા એ શું ?

**દાદાશ્રી :** આ દાદાના દર્શન તો રસ્તે ચાલતા પણ થાય. એ તો વાત હઉ કરે આપણી જોડે. આપણો ભાવ થાય એટલે વાત હઉ કરે. તમારી જોડે વાતો કરે, સંભળાય તમને, બધું જ કરે.

**પ્રશ્નકર્તા :** આ તો એમણે આપને પહેલા જોયા નહોતા.

**દાદાશ્રી :** હા, તોય પણ દેખાય. ઘણા માણસોએ ના જોયા હોય તોય દાદા દેખાય. ત્યાં દર્શન થાય પછી આવીને મને કહે, 'દેખાયા તે, મેં દર્શન કર્યા'તા તે જ આપ છો.'

**પ્રશ્નકર્તા :** એ કેવી રીતે બને ?

**દાદાશ્રી :** એ જ આ કાળનું મોટું આશ્ચર્ય છે કે જે સૂક્ષ્મ શરીરે ફરે છે ને બહાર, તે જ દર્શન આપે છે, જ્યાં ને ત્યાં આ. બહાર અમેરિકા-મુંબઈમાં બધે એ ફરે છે. રાત-દહાડો, ચોવીસેય કલાક બધેય ફર્યા કરે છે. હું તો અહીં હોઉં પણ ત્યાં દાદા દેખાયા કરે. તમારી જોડે વાત હઉ કરે. તમે મને બીજે દહાડે પૂછો કે 'સાડા ત્રણ વાગે તમે આવ્યા'તા ?' તો મારે 'હા' કહેવું પડે. તમને ગૂંચવાડો ઊભો ના થાય એટલે 'હા' જ કહેવું પડે. અને પાછું તે હું બોલું એવું જ બોલે. પેણે તો એમ જ લાગે. એ લખી લે પાછો. પાછા મને મૂકવા આવે. તે કહે, ''તમને મૂકવા આવ્યો'તો ત્યાં આગળ કારની પાસે. ખુરશી આમ પકડી'તી.''

**પ્રશ્નકર્તા :** આપ અહીં હો અને બહાર બીજે ક્યાંક બીજાને આપના દર્શન થાય, તો તે વખતે આપ શું અનુભવો છો ?

**દાદાશ્રી :** એ તો એવું છે ને, અમારા દર્શન થવા એ વસ્તુ જુદી છે અને મારે અનુભવમાં ક્યારે આવે કે એનું લેવલ ગોઠવાયેલું હોય ને, તો મને ખબર પડે કે આ ફોન પકડ્યો છે આ માણસે, નહીં તો મને કશી ખબર પડે નહીં.

**પ્રશ્નકર્તા :** એ લેવલ કોણ ગોઠવે ? લેવલ કેવી રીતે ગોઠવાય ?

**દાદાશ્રી :** તે તમારામાં એટલી કેપેસીટી આવવી જોઈએ. એ કેપેસીટી આવે ને, એટલે લેવલ ગોઠવાય. પછી બધી વાતચીત થાય, શબ્દેશબ્દ સંભળાય. તમે ઈંગ્લેન્ડમાં હોય તોય સંભળાય. આ તો વિજ્ઞાન છે બધું !

### દાદાની સાક્ષાત્ હાજરી લાગી તેનું રહસ્ય...

અને આપણે ત્યાં તો એવુંયે બને છે ને કે તમારા જેવા ભણેલા માણસ, બધી રીતે વિચારશીલ તેય આવીને મને કહે છે, 'કાલ બપોરે સાડા ત્રણ વાગે તમે મારે ત્યાં આવ્યા હતા અને પછી સાડા ચાર સુધી મારે ત્યાં બેઠા. જે વાતચીત કરી છે, એ મેં બધી નોંધી લીધેલ છે. પછી તમે નીકળ્યા પાછાં તે વાત ખરી છે ?' મેં કહ્યું, 'ખરી છે !' તે પછી મારે 'હા' પાડવી પડે છે અને હું તો ત્યાં ગયો જ ના હોઉં, ધોળે દહાડે. પછી હું પૂછું, 'શું બોલ્યા હતા એ મને કહે.' તે પછી કહેશે, 'આ બોલેલા.' તે મારા શબ્દો જ દેખાડે.

**પ્રશ્નકર્તા :** દાદા, આપે જણાવ્યું કે સૂક્ષ્મ દેહ બહાર ફરે છે પણ દર્શનમાં તો સ્થૂળ શરીર આવે છે, તો એવું રહસ્ય શું છે ?

**દાદાશ્રી :** એને આ સ્થૂળ શરીર દેખાય છે. આ વાત તો મારાય માન્યામાં નથી આવતી. એ વાતો એવી એવી આવે છે, મારા નામથી કોઈ દેવ ફરે છે કે શું ફરે છે, એ ખબર જ પડતી નથી. કારણ કે દેવનો વૈક્રિય સ્વભાવ, જેવો દેહ ધારણ કરવો હોય તે થાય. દાદાના જેવો દેહ ધારણ કરે, વાતચીત એવી કરે, બધું જ કરે. છતાંય એમાં મેં કશું કરેલું હોતું નથી.

એટલે ધોળે દહાડે આ વાતચીત કરે. હવે હું જાણતો હોઉં કે હું ત્યાં આગળ નથી ગયો. પણ 'દાદા ભગવાન' ત્યાં જાય છે એ વાત ચોક્કસ !

**પ્રશ્નકર્તા :** અને 'જ્ઞાની પુરુષ' જાણતા નથી, એ ચોક્કસ ?

**દાદાશ્રી :** હું જાણતો નથી એય ચોક્કસ અને 'એ' ફરે છે તેય ચોક્કસ, એય હું જાણું છું.

અને ત્યાં અમેરિકાવાળા કહે છે ને, 'આજે મને ત્રણ વખત વિધિ કરાવી ગયા.' એવું કહે છેય ખરાં એ મને અને એનો ફોનેય આવે છે કે આજે રાત્રે 'દાદા ભગવાન' આવીને ત્રણ વખત એને વિધિ કરાવી ગયા ! એટલે આ તો મોટી અજાયબી છે ! છતાં આમાં નામેય ચમત્કાર નથી.

**પ્રશ્નકર્તા :** પણ અમને આશ્ચર્ય તો થાય જ ને ?

**દાદાશ્રી :** એ આશ્ચર્ય લાગે, પણ હું એમાં એ ચમત્કાર તરીકે સ્વીકારતો નથી.

એટલે કંઈક છે આની પાછળ, સમજાય નહીં એવું રહસ્ય છે. બુદ્ધિગમ્ય રહસ્ય નથી, પણ સમજાય નહીં એવું રહસ્ય છે આ. પણ આને ચમત્કાર હું ના કહેવા દઉં. ચમત્કાર કહે તો હું જાદુગર ઠર્યો. અને હું કંઈ જાદુગર ઓછો છું ? હું તો 'જ્ઞાની પુરુષ' છું. અને સંડાસ જવાની શક્તિ પણ મારામાં નથી. એ 'દાદા ભગવાન' કંઈક રહસ્ય છે, એ વાત ચોક્કસ !

### બુદ્ધિ અટકાવે નિદિધ્યાસન

**પ્રશ્નકર્તા :** દાદાનું કે કોઈનું પણ નિદિધ્યાસન થાય નહીં, ફોટો પડે જ નહીં, એનું શું કારણ ?

**દાદાશ્રી :** એ તો બુદ્ધિ છે. એ ડખલ કરનારી બુદ્ધિ છે.

**પ્રશ્નકર્તા :** તો શું કરવું ?

**દાદાશ્રી :** કશુંય નહીં. બુદ્ધિ ડખલ કરે છે, એવું આપણે જાણીએ છીએ કે આ ડખલ કરનારી છે. એ ડખલ કરનારને લીધે આવું દેખાય છે. કેટલાક માણસ કહે છે કે 'દાદા, નિદિધ્યાસનમાં એક્ઝેક્ટ મોઢું નથી દેખાતું.' મેં કહ્યું, 'એ બુદ્ધિ ડખલ કરે છે' પણ આપણે એક્ઝેક્ટ છે એવું જ જોઈ લઈએ.

**પ્રશ્નકર્તા :** બુદ્ધિ કઈ રીતે ડખલ કરે છે ?

**દાદાશ્રી :** એ તો હમણે નિદિધ્યાસન કરતા હોય ને, તો આપણને બીજામાં ઢસેડ ઢસેડ કરે.

**પ્રશ્નકર્તા :** અથવા તો બુદ્ધિ એમ કહ્યા કરે કે નિદિધ્યાસન નથી આવતું ?

**દાદાશ્રી :** હા, બસ. 'નથી આવતું' એવું હઉ કહેવા લાગે. સંસારમાંથી મોક્ષ તરફ ખસવા નહીં દેવાની એની દલીલો હોય બધી. બંધનમાં જ રાખવાની દલીલો હોય અને એટલે ડખલેય એવી કરે.

**પ્રશ્નકર્તા :** આપણે ના કરવું હોય એવું કરાવડાવે.

**દાદાશ્રી :** હા, એવું કરાવડાવે. એટલે નિદિધ્યાસન બેસે નહીં, એ બુદ્ધિની ડખલો હોય. અને નિદિધ્યાસન બેઠા પછી ખસતુંય નથી ને લોકોને, એક સેકંડેય ખસતું નથી પછી !

**પ્રશ્નકર્તા :** એકવાર બેસે પછી ન ખસે, પણ આ તો નિદિધ્યાસન નથી આવતું એની જ વાત છે.

**દાદાશ્રી :** એ બેસે છે ક્યારે, કે જ્યારે આપણને અડચણ આવે છે ત્યારે બેસે છે. શારીરિક અડચણ આવે છે ત્યારે આપણને દુઃખમાં ચિત્ત રહે, તે વખતે નિદિધ્યાસન રહે તો જરા શાંતિ રહે. ત્યારે વધારે સારું બેસી જાય. રસ્તામાં ગાડીમાં જતા હોય ને આંખ મીંચી કે દાદા દેખાય એવું નિદિધ્યાસન થઈ ગયેલું હોય છે લોકોને. પછી ઉપાધિ જ નહીં ને ! દાદા સાક્ષાત્ રહેતા હોય પછી ઉપાધિ જ નહીં ને ! તમે તો એમ કહેતા હતા ને કે મારે તો દાદાની પાછળ જ પડવું છે. એટલે રૂબરૂ નિદિધ્યાસન સારું આપણે તો !

## દાદા દેખાય તે નિદિધ્યાસન

**પ્રશ્નકર્તા :** દાદા દેખાય, એ બધું નિદિધ્યાસન જ કહેવાય ને ?

**દાદાશ્રી :** હા, દેખાય એ નિદિધ્યાસન જ. આંખ મીંચીને દાદા દેખાય, સીમંધર સ્વામી દેખાય, મહાવીર ભગવાન દેખાય.

**પ્રશ્નકર્તા :** એવું દાદા ક્યારેય દેખાયું નથી. દાદાય ના દેખાય. એટલે કશું જ નથી દેખાતું. આજ સુધી કશું જોયું જ નથી. જ્ઞાન પહેલાય કશું નહોતું દેખાતું.

**દાદાશ્રી :** જ્ઞાન પહેલા શી રીતે દેખાય તે ? જ્ઞાન પહેલા તો યાદશક્તિ રહે.

**પ્રશ્નકર્તા :** ના, એ જ્ઞાન પછીયે કશું દેખાયું જ નથી, દાદા.

**દાદાશ્રી :** આ તું બોલ્યો એટલે અમે સમજી ગયા. આ બધાય સમજી ગયા.

**પ્રશ્નકર્તા :** બધા સમજી ગયા પણ મને અનુભવ થવો જોઈએ ને ?

**દાદાશ્રી :** એ શું કહે છે ? પેલી ફિલ્મની જેમ આમ ફિલ્મ આવીને ચાલ્યા કરે એવું બધું દેખાતું હશે. એ ફિલ્મ પાછી ક્યાં લાવે, અહીં આગળ ?

આજ આણે ખુલ્લું કહ્યું ને કે મને દેખાયું, મને જાણવામાં આવ્યું, કહે છે. દેખાયા વગર રહે જ નહીં ને ! જાણ્યા ને જોયા વગર રહી શકે નહીં ને ! ઓછું-વધતું થાય વખતે.

**પ્રશ્નકર્તા :** પણ દાદા જાણવામાં આવ્યું, પણ બધા કહે છે ને કે આ એક્ઝેક્ટ ફેસ (ચહેરો) દેખાય, આવી સિચ્યુએશન (પરિસ્થિતિ) આખી દેખાય. એ ફેર ક્યાં પડે ?

**દાદાશ્રી :** ના, ના, એ બોલીશ નહીં હવે.

**પ્રશ્નકર્તા-૨ :** અત્યારે અમને તો આંખો મીંચીએ ને, તો દાદાય દેખાય.

**દાદાશ્રી :** દેખાય જ ને ! એ તો બધાને દેખાય. એને હઉ દેખાય પણ એને સમજણ નથી ને !

**પ્રશ્નકર્તા-૨ :** દાદા દેખાતા હોય ને ખબર ના પડે એવું બને ?

**દાદાશ્રી :** શી રીતે જાણે આને ? તેં આ હમણે જાણ્યું, તે જ ખબર નથી પડતી ને !

**પ્રશ્નકર્તા-૨ :** આ તો આંખો મીંચીએ ને, તો કોઈ પણ વ્યક્તિને યાદ કરીએ તો એ વ્યક્તિનો ફોટો દેખાય.

**દાદાશ્રી :** એને હઉ દેખાય છે. પણ એને હમણે કહ્યું ને કે ઈન્સિડન્સ (પ્રસંગો) બધા આમ જાણવામાં આવ્યા ત્યારે જાણતા એ કોને જાણવામાં આવ્યા, કોણ જાણનાર, જાણવાની વસ્તુ શું, એવી એની સમજણ નહીં, એટલે ફિટ થતું નથી એને. જાણવાવાળો તો કોણ ? થર્ડ પર્સન (ત્રીજો વ્યક્તિ) છે મહીં કોઈ ? ત્યારે ?

**પ્રશ્નકર્તા-૨ :** પોતે આત્મા થઈને આત્મા જ જાણે.

**દાદાશ્રી :** આત્મા જ જાણે. અને જાણવાની વસ્તુને જાણે. મહીં જે થયો ઈન્સિડન્ટ, એ જ્ઞેય છે અને આ જ્ઞાતા છે. જગતના લોક તો પરમ જ્યોતિસ્વરૂપ એટલે અજવાળું ખોળે બહારનું. અલ્યા મૂઆ, નથી અજવાળું-બજવાળું, ત્યાં કશુંય નથી. એ નવી જ દુનિયા લાગે છે !

તું શા આધારે કહું છું, કે દાદા, તમારું શરીર અત્યારે આવું છે, પણ કાલે કાળા નહોતા ને આજે કાળા આંગળા પડ્યા છે ?

**પ્રશ્નકર્તા-૨ :** એ તો આ પહેલા જોયેલું હોય, એ અત્યારે બદલાય એટલે ખબર પડે કે આ બદલાઈ ગયું છે.

**દાદાશ્રી :** એ જ નિદિધ્યાસન.

## અટકણના આવરણ અટકાવે નિદિધ્યાસન

તને નિદિધ્યાસન રહે છે કોઈ દહાડો ? ક્યારે રહે છે ? શનિવારને દહાડે ?

**પ્રશ્નકર્તા :** આમ બરાબર સ્પષ્ટ નથી રહેતું, દાદા. એ દેખાય ખરું પણ બહુ ઓછીવાર દેખાય. એ બહુવાર દેખાતું નથી એવું.

**દાદાશ્રી :** આપણા હિસાબ પ્રમાણે દેખાય, ને કોઈ વખત એકદમ ક્લિયર દેખાય. ને કોઈ વખત ક્લિયર નથી દેખાતું ? તો પછી કોઈ વખત ક્લિયર કેમ દેખાય છે ને પછી કેમ નથી દેખાતું ? ત્યારે કહે, મહીં બધા આવરણો છે તે. એટલે એ જોવાનું નહીં. આપણું આવરણ એમાં એ કરે છે. તેનો વાંધો નહીં. એ તો આપણે સમજીએ કે ભઈ, આવડું આવરણ છે. પણ આપણે એ હાજર છે ને, એટલું જ જોવાનું ! તને તો ક્લિયર જ દેખાય, નહીં ?

**પ્રશ્નકર્તા :** દાદા, પણ તો આ અત્યાર સુધી થતું કેમ નહોતું ? આ નિદિધ્યાસન જે નથી થતું એનું આમ કારણ શું છે ?

**દાદાશ્રી :** રહેતું નથી એવું છે જ નહીં. એ તો તારે મનની ગાંઠ પડી ગઈ છે ઊંધી. બધાને રહે, આપણા બધા મહાત્માઓને.

**પ્રશ્નકર્તા :** ખાલી એમ ગાંઠ જ પડી ગયેલી ?

**દાદાશ્રી :** ખાલી ગાંઠ પડી ગઈ છે. બુદ્ધિએ ગાંઠ પાડી દીધી. એટલે એને અટકણ કહીએ છીએ અમે.

**પ્રશ્નકર્તા :** હા, અટકણ. એટલે હું આમનો વિચાર કરી નાખું એટલે એ (ઓછી) થવા માંડે ? આ જે અટકણ પડી ગઈ છે, એનું હવે આ બાજુના હેન્ડલ મારું એટલે નીકળી જશે ?

**દાદાશ્રી :** એ તો નીકળી જાય પછી.

### કલાક નિદિધ્યાસન થાય તો કામ નીકળી જાય

**પ્રશ્નકર્તા :** દાદાનું નિદિધ્યાસન કયા સ્વરૂપે રહેવું જોઈએ ?

**દાદાશ્રી :** જે સ્વરૂપે રહે દાદા, લક્ષમાં યાદ રહેવું જોઈએ. સ્વરૂપ-બરૂપનો કશો વાંધો નહીં. સ્વરૂપ તો જો નિદિધ્યાસન સ્વરૂપે રહે ને, તો તો બહુ ઉત્તમ કામ કાઢી નાખે. પણ એટલું બધું ના રહે, માણસનું ગજું નહીં. પા એક કલાક રાખી શકીએ, દસ મિનિટ રાખી શકે, અડધો કલાક રાખી શકે પણ એવું ગજું નહીં માણસનું. નહીં તો તો કામ જ કાઢી નાખે ને ! રોજ એક કલાક નિદિધ્યાસન તરીકે આટલો ભાગ દેખાય તો કામ જ નીકળી જાય !

**પ્રશ્નકર્તા :** અમે તો જેટલી વાર વાત કરીએ તેટલી વાર દાદા બરાબર જ દેખાય, તો ?

**દાદાશ્રી :** એ બરોબર છે પણ એ નિદિધ્યાસન ના કહેવાય. એ તો સહજ, પ્રેમથી તમને દેખાય. નિદિધ્યાસનમાં તો પુરુષાર્થ કરવો પડે. કેટલાક માણસ કહે કે નિદિધ્યાસનમાં આ તમારો ઉપરનો (મુખારવિંદનો) ભાગ નથી દેખાતો, આટલો જ દેખાય છે. મેં કહ્યું, જેટલો દેખાય તેટલો તે આખો જ છે એમ માનજે. ભાગ ઓછો-વધતો દેખાય તેનો વાંધો નથી પણ દાદાનું મુખારવિંદ દેખાવું જોઈએ. ઓછું-વધતું કોણ દેખાડે છે ? બુદ્ધિ વચ્ચે ડખલ કરે છે. એ સ્વપ્નામાં બુદ્ધિ ના હોય, તે સરસ દેખાડે. સ્વપ્નામાં બુદ્ધિ ડખલ નહીં કરવાની. કારણ કે ઊંઘમાં બુદ્ધિ ઊંઘી જાય. એટલે ડખલ નહીં. અત્યારે જાગતા ડખલ થાય. સ્વપ્નમાં તો દાદા 'એક્ઝેક્ટ' દેખાય. જેને ભજીએ તે રૂપ થયા કરીએ.

### દાદાનું નિદિધ્યાસન કરાવે પ્રજ્ઞા

**પ્રશ્નકર્તા :** આજે સવારે સામાયિકમાં આપનું નિદિધ્યાસન બધે થઈ રહેલું, એ શું છે ? એને હું શુદ્ધ ચિત્ત સમજું છું.

**દાદાશ્રી :** ના, એ તો પ્રજ્ઞાશક્તિનું બધું કામ છે. શુદ્ધ ચિત્ત તો એ પોતે જ આત્મા છે. શુદ્ધાત્મા એ જ શુદ્ધ ચિદ્રુપ. આ તો પ્રજ્ઞા બધું કરે છે.

**પ્રશ્નકર્તા :** બધે દાદા બેઠેલા દેખાય એ શું ?

**દાદાશ્રી :** એ જ પ્રજ્ઞાને. અજ્ઞાશક્તિ છે તે બીજું દેખાડે, લક્ષ્મી દેખાડે, સ્ત્રીઓ દેખાડે એ અજ્ઞાશક્તિ. અજ્ઞાશક્તિ સ્ત્રીનું નિદિધ્યાસન કરાવડાવે અને પ્રજ્ઞાશક્તિ જ્ઞાની પુરુષનું. જ્ઞાની પુરુષ એટલે આત્માનું નિદિધ્યાસન કરાવે.

**પ્રશ્નકર્તા :** હવે જ્ઞાન લીધું છે અત્યારે એને પણ આ સ્ત્રીનું નિદિધ્યાસન ઊભું થાય તો એ અજ્ઞા ડિપાર્ટમેન્ટ છે ?

**દાદાશ્રી :** એ તો પેલો ચંદુભાઈનો ભાગ છે, એમાં આપણે શું લેવા-દેવા ?

**પ્રશ્નકર્તા :** ના, એટલે ચિત્તનું આમાં ફંક્શન ક્યાં આવ્યું ?

**દાદાશ્રી :** એ તો ચંદુભાઈનો ભાગ છે, અશુદ્ધ ચિત્ત છે.

**પ્રશ્નકર્તા :** તો આ પ્રજ્ઞા જે જ્ઞાની પુરુષનું નિદિધ્યાસન કરાવે છે, એમાં ચિત્તનું ફંક્શન ક્યાં આવ્યું ?

**દાદાશ્રી :** એમાં ચિત્તની જરૂર જ નહીં. પ્રજ્ઞાશક્તિ પોતે જ દેખી શકે.

**પ્રશ્નકર્તા :** આ એક્ઝેક્ટ ફોટોગ્રાફી કહીએ છીએ ?

**દાદાશ્રી :** હા, એક્ઝેક્ટ. ફોટોગ્રાફી કરતાં સારું. ફોટોગ્રાફીમાં એટલું સરસ ના આવે. સ્વપ્નાનું તો ફોટોગ્રાફી કરતાંય સરસ આવે

અને રૂબરૂ કરતાંય છે તે સ્વપ્નમાં બહુ સરસ આવે.

**પ્રશ્નકર્તા :** ચિત્તનું કામ જ ના રહ્યું ?

**દાદાશ્રી :** શુદ્ધ ચિત્ત હતું, તે આત્મામાં એક થઈ ગયું, આત્મામાં ભળી ગયું.

## નિદિધ્યાસનમાં ડખલ કોની ?

**પ્રશ્નકર્તા :** તો નિદિધ્યાસનને જોનારું કોણ ?

**દાદાશ્રી :** એ પ્રજ્ઞાશક્તિ.

**પ્રશ્નકર્તા :** એ પોતે જ જુએ ને પોતે જ ધારણ કરે ?

**દાદાશ્રી :** એ પોતે જ બધું. એની જ બધી ક્રિયાઓ. ચિત્તની જરૂર જ ના રહી ત્યાં આગળ. અશુદ્ધ ચિત્ત હોય ત્યાં સુધી છે તે સંસારનું બધું દેખાય એને. અશુદ્ધ ચિત્ત, શુદ્ધની વાત ન દેખી શકે. એટલે ચિત્ત શુદ્ધ થયું એટલે આત્મામાં એક થયું, આત્મામાં ભળી ગયું. રહ્યું કોણ ? વચ્ચે કોઈ રહ્યું નહીં. પ્રજ્ઞાશક્તિ ચાલ્યા કરે બસ. ડખલ હોય તો પાછું શુદ્ધ ચિત્તેય બગડતું જાય પાછું. અંધારું હોય ને, તો પાછું બગડતું જાય. તે પાછું ક્યાં રિપેર કરાવીએ ? એના ક્યાંય કારખાના ના હોય. અને પ્રજ્ઞાશક્તિને રિપેર કરવી નહીં પડે આપણે. જે ના હોય તેને મૂકી તો રિપેર કરાવવા જવું પડે. જે વસ્તુ નથી તેને તો બગડ્યું ત્યારે રિપેર કરાવવા જવું પડે. એટલે કોઈ ચીજની વચ્ચે જરૂર નથી કશી. બધી જ ક્રિયા પ્રજ્ઞા કરે છે.

**પ્રશ્નકર્તા :** આ જ્ઞાની પુરુષનું નિદિધ્યાસન રહે એને પ્રજ્ઞા કહી આપે. તો જેટલું નિદિધ્યાસન વધારે રહે એટલું ચિત્ત શુદ્ધ થાય એવું પણ કહો છો ને ?

**દાદાશ્રી :** ચિત્તશુદ્ધિ તો થઈ ગયેલી છે ને !

**પ્રશ્નકર્તા :** મૂળથી જ થઈ ગઈ છે સંપૂર્ણ, તો પેલું અશુદ્ધ ચિત્ત હોય એનું શું થાય ?

**દાદાશ્રી :** મન-બુદ્ધિ-ચિત્ત ને અહંકાર, અશુદ્ધ ચિત્ત તો સંસારી કાર્ય બધું કરી લે. શુદ્ધ ચિત્તની મહીં ડખલ થાય છે કોઈ દહાડો ? અશુદ્ધ ચિત્ત હોય તો ડખલ થાય વચ્ચે. શુદ્ધ ચિત્ત હોય તો ડખલ થાય નહીં. જો ત્રીજું માણસ હોય તો ડખલ થાય. ડખલ હોય છે ? તમે નિદિધ્યાસન કરી આવો કોઈ દહાડો.

**પ્રશ્નકર્તા :** નિદિધ્યાસન થવામાં કોની ડખલ હોય છે ?

**દાદાશ્રી :** એ તો આ ઉદયકર્મ.

**પ્રશ્નકર્તા :** કારણ કે જો પ્રજ્ઞાનું પોતાનું સ્વતંત્ર ડિપાર્ટમેન્ટ હોય તો પ્રજ્ઞા બધા મહાત્માઓને ઉત્પન્ન થઈ છે, છતાં પેલું આપણા મહાત્માઓને જ્ઞાન પછી સરખું...

**દાદાશ્રી :** બધાને સરખું જ્ઞાન ના ઉત્પન્ન થાય, સહુ સહુના ગજા પ્રમાણે થાય. પછી એ પ્રમાણે આજ્ઞા પળાય.

**પ્રશ્નકર્તા :** એટલે ગજા પ્રમાણે કહ્યું, એવું કેમ ?

**દાદાશ્રી :** હાસ્તો ને ! એનો નિશ્ચયબળ ને એવું બધું હોવું જોઈએ ને ! જુદું જુદું ના હોય દરેકનું ? દરેકનું જુદું. તારું જુદું, એનું જુદું, બધાનું એ જુદું હોય ને !

**પ્રશ્નકર્તા :** પણ શુદ્ધ ચિત્ત તો આ બધાને થઈ ગયું છે સંપૂર્ણ, એમ કહો છો ?

**દાદાશ્રી :** હા, ત્યારે જ આત્મા પ્રાપ્ત થાય ને !

**પ્રશ્નકર્તા :** તો શુદ્ધ ચિત્ત સંપૂર્ણ શુદ્ધ થયું તો એટલી પ્રજ્ઞા ઉત્પન્ન થાય ?

**દાદાશ્રી :** હં. અમે જ્ઞાન આપીએ એટલે તો આત્મા શુદ્ધ થઈ ગયો એટલે પ્રજ્ઞા ઉત્પન્ન થાય જ. પછી એની શક્તિ જે આ પાંચ આજ્ઞા પાળવાની છે ને, એમાં જેટલી ભાંજગડ હોય તેટલો લાભ જાય એનો !

**પ્રશ્નકર્તા :** એટલે જેટલી આજ્ઞા પળાય એટલી એ પ્રજ્ઞાશકિત ખીલતી જાય ?

**દાદાશ્રી :** હા, એ નિશ્ચયબળ બધું હોવું જોઈએ.

**પ્રશ્નકર્તા :** પણ આમાં નિશ્ચયબળ કોનું ?

**દાદાશ્રી :** બધું પોતાનું જ.

**પ્રશ્નકર્તા :** નિશ્ચય પોતે જ કરે ને પછી પોતે જ બળવાન થાય, એવું ? એ ના સમજાયું.

**દાદાશ્રી :** અશુદ્ધ ચિત્ત ને મન ને એ બધું જોર કરે એટલે નિશ્ચયબળ બંધ થઈ જાય. આ પ્રમાણે જેનું ઓછું છે, તેને પેલું વધારે મજબૂત રહે. ડખો કરે ને આ બધો. નહિતર આપણે ઘણુંય એકાંત કરીને ધ્યાનમાં બેઠા હોય, પણ બહાર લોકો હો હો કરે તો ? તે આ બધું બહાર હો હો હો થાય ને, તે જેને વધારે હો હો હો, તેનું ઠેકાણું ના પડે.

**પ્રશ્નકર્તા :** એ બહુ કરેક્ટ છે વસ્તુ. બહારનું હો હો ઓછું થાય, તો...

**દાદાશ્રી :** આ અમારે બહારની હો હો નહીં, તો છે કશી ભાંજગડ ? અને તમને ત્રણ જણનું હો હો હોય તો ગભરામણ થઈ જાય. 'મને કરે છે' એવું મને અડે જ નહીં ને ! હું એવી રીતે બેસું, બહાર બેસું નહીં ને ! મને શોખ નથી એવો. તમને શોખ હોય તે બહાર બેસીને ત્રણ જણ જોડે તમે હો હો કરો. હું તો મારી રૂમમાં બેઠો બેઠો હો હો કર્યા કરું. આટલું બધું માણસ, મારે ક્યારે પાર આવે ?

**પ્રશ્નકર્તા :** તમે પોતાની રૂમમાં એમ સીફતથી સરકી જાઓ છો, પેસી જાવ છો મહીં.

**દાદાશ્રી :** બેઠેલો જ હોઉં છું મહીં, બહાર નીકળતો જ નથી. તમને લાગે છે કે બહાર નીકળ્યા હશે એ જ ભૂલ છે, વખતે પડછાયો દીઠો હોય તો. ખરેખર હું નથી હોતો.

## દાદાની પ્રજ્ઞાની અનોખી શક્તિ

**પ્રશ્નકર્તા :** અમે દાદાનું સ્મરણ કરીએ અને દાદા અમારે ઘેર આવીને આશીર્વાદ આપે, એ શું છે ? એ ફિનોમિના (ઘટના) શું છે ? એ કઈ પ્રક્રિયા છે ?

**દાદાશ્રી :** એ બધું પ્રજ્ઞાની પ્રક્રિયામાં જાય છે. હું બહાર નીકળું તો આ ભાઈને ઘેર જાય કોણ ? આવે છે ને તમારે ત્યાં, સવારના પાંચ વાગે ! તે કાયમનું ને ! પેલા અમેરિકાવાળાય કહે છે કે 'મારે ત્યાં આવે છે.' જાય છે તે વાત તો સાચી ને !

**પ્રશ્નકર્તા :** હા, પણ એ કોણ જાય છે ?

**દાદાશ્રી :** એ હકીકત છે ને પણ જાય છે એ !

**પ્રશ્નકર્તા :** લોકોને અનુભવ થાય છે. અહીંથી જાય છે કે નહીં એ ખબર નહીં, પણ એમને લાગે છે, એ શું છે ?

**દાદાશ્રી :** એ તો બધી શક્તિ છે ને, પ્રજ્ઞાશક્તિની જબરજસ્ત શક્તિ !

**પ્રશ્નકર્તા :** અમે યાદ કરીએ અને દાદા આવે, તો એમાં આપનો થોડો અંશ આવે કે સંપૂર્ણ આવે ?

**દાદાશ્રી :** એ બધું પ્રજ્ઞાનું કામ છે. જે દાદા યાદ આવે છે ને, તે તો આત્માએ કરીને એક

જ સ્વભાવી છે. તમારો જ આત્મા દાદા થઈને કામ કરી રહ્યો છે. એટલે એ વસ્તુ પોતાના ભાવ ઉપર આધાર રાખે છે અને તે ભાવ પાછા પ્રજ્ઞાના હોવા જોઈએ. ત્યારે કહે છે કે અજ્ઞાની માણસોનેય એમના ગુરુઓ દેખાય છે. ત્યારે કહે, એ ચિત્તની શુદ્ધતા છે !

**પ્રશ્નકર્તા :** એટલે 'આપના' તરફથી પ્રજ્ઞાશક્તિ કામ કરી રહી છે ? એમને જે અનુભવ થાય છે કે દાદા અહીંયા આવ્યા, એ આપની પ્રજ્ઞાશક્તિનું છે કે એમની પ્રજ્ઞાશક્તિનું ?

**દાદાશ્રી :** આ પ્રજ્ઞાશક્તિ છે તેમાંથી જ. જે 'જનાર' છે એની જ પ્રજ્ઞાશક્તિ.

**પ્રશ્નકર્તા :** 'જનાર' છે એટલે ?

**દાદાશ્રી :** એમને ત્યાં 'જે' આવે છે, 'એમની' પ્રજ્ઞાશક્તિ.

**પ્રશ્નકર્તા :** એમને ત્યાં જે આવે છે, એ મૂળ એવી કલ્પના કરે છે અથવા એને એવું ભાસે છે, એ એમનું પોતાનું જ થયું ને ? આપને તો કહ્યું ત્યારે ખબર પડી કે આપ ત્યાં ગયેલા.

**દાદાશ્રી :** એ તો એના ભાવ હશે તો ભેગું થઈ જાય. એ શક્તિને વાર નથી લાગતી. સામાનો ભાવ હોય તો શક્તિ પહોંચી જાય છે. અહીંથી અમેરિકા હઉ પહોંચે.

**પ્રશ્નકર્તા :** આ જે છે આપની પ્રજ્ઞાશક્તિ, એ તો વીતરાગ ભાવે છે. એટલે જે ભાવ કરે એની પાસે ખેંચાઈ જાય.

**દાદાશ્રી :** ખેંચાઈ આવે. બીજું શું ? જેનો ભાવ મજબૂત હોય, તેને ત્યાં ખેંચાઈ જાય.

**પ્રશ્નકર્તા :** સાંભરતાં જ અમને જે દાદા ભગવાનના દર્શન થાય અને રસ્તો દેખાડે, એ કઈ વૈજ્ઞાનિક પ્રક્રિયાના આધારે છે ?

**દાદાશ્રી :** એ સ્વભાવથી જ છે બધું ! એમાં શુદ્ધ ચેતન 'સાયલન્ટ' હોય છે ! આ લાઈટ 'સાયલન્ટ' છે. લાઈટના આધારે બધી ક્રિયા કરે કે ના કરે ? 'લાઈટ'નો નફો મળે !

**પ્રશ્નકર્તા :** યાદ કરતાં જ, 'દાદા ભગવાન' હાજર થાય. એ ક્રિયા શુદ્ધ ચેતનના આધારે થતી બહારની ક્રિયા છે ?

**દાદાશ્રી :** આધાર નહીં, એ તો સ્વાભાવિક ક્રિયા છે. મહીં સૂક્ષ્મ શરીરનું ખેંચાણ થવું, એ સ્વાભાવિક ક્રિયા છે.

## સ્થૂળ વટાવો, સૂક્ષ્મતમમાં પ્રવેશો

**પ્રશ્નકર્તા :** આપની ગેરહાજરીમાં એકાગ્રતા આઘીપાછી થઈ જાય છે, તો શું કરવું ?

**દાદાશ્રી :** જ્યાં સુધી દાદા જાતે હોય ત્યાં સુધી તે સ્થૂળ છે. સ્થૂળમાંથી સૂક્ષ્મમાં જવું જોઈએ. સ્થૂળ તો મળ્યું, પણ હવે સૂક્ષ્મમાં જવું જોઈએ. અને દાદા હાજર ના હોય ત્યારે તો સૂક્ષ્મનો જ પ્રયોગ શરૂ કરી દેવો જોઈએ અને આ સૂક્ષ્મતર અને સૂક્ષ્મતમમાં જવાનો પ્રયોગ કરવો જોઈએ.

**પ્રશ્નકર્તા :** દાદા, એવું કેમ કે આ તમારી હાજરીમાં એક પણ વૃત્તિ બિલકુલ ઉછાળા મારતી નથી ને જેવા તમે જશો એટલે પાછળ આ ચંદુભાઈ જાણે કે ઠેરના ઠેર, બધું શરૂ થઈ જાય પછી રોજિંદો ક્રમ !

**દાદાશ્રી :** જો અમારી સૂક્ષ્મ હાજરી રાખી શકો, તો એવું ના થાય.

**પ્રશ્નકર્તા :** દાદા, સૂક્ષ્મ હાજરી એટલે કેવી રીતે રાખવાની ?

**દાદાશ્રી :** આંખ મીંચીએ ને દાદા દેખાય.

જ્યાં જુએ ત્યાં દાદા દેખાય. દાદા દેખાય એટલે તમારે જોખમદારી નહીં.

સ્થૂળનો ફાયદો થાય, પણ પછી સૂક્ષ્મમાં જવું જોઈએ. 'દાદા ભગવાનને નમસ્કાર કરું છું' એમ બોલ્યા પછી 'દાદા' દેખાવા જોઈએ, વગર ફોટે 'દાદા' દેખાવા જોઈએ.

### સૂક્ષ્મથી આગળના નિદિધ્યાસન અતીન્દ્રિય

**પ્રશ્નકર્તા :** સૂક્ષ્મ, સૂક્ષ્મતર ને સૂક્ષ્મતમ એ નિદિધ્યાસનમાં અંતર ગણાય કે નહીં ? એ તો બધું અતીન્દ્રિય થયું ને ?

**દાદાશ્રી :** એ તો અતીન્દ્રિય જ છે બધું આ. આપણો માલ જ અતીન્દ્રિય !

**પ્રશ્નકર્તા :** તો એને જ અખંડ જાગૃતિ કહેવાય ?

**દાદાશ્રી :** અખંડ જાગૃતિ છે જ આ. તે સંપૂર્ણ પ્રકારે પ્રકાશે એટલે કેવળજ્ઞાન કહેવાય.

સામી બાજુ જે જોવાનું હતું તે ના દેખાય, આ વચ્ચે અંતરાય આવે છે. આ આપણી સંસારી ફિલ્મ આવે છે વચ્ચે. સંસારી ફિલ્મ ના હોય ને, ત્યારે ટાંકી ખલાસ થઈ જાય, પછી ઓર મજા આવે.

**પ્રશ્નકર્તા :** એ સામી બાજુ શું જોવાનું હોય ?

**દાદાશ્રી :** સામી બાજુ દરઅસલ જ્ઞેય.

**પ્રશ્નકર્તા :** એટલે ?

**દાદાશ્રી :** આ દરઅસલ જ્ઞેય ન્હોય. આ તો આપણા કર્મના ઉદયો છે બધા. દરઅસલ જ્ઞેય જેને કહેવામાં આવે છે, તે દરઅસલ જ્ઞેયમાં ત્યાં દેખાય આપણને !

**પ્રશ્નકર્તા :** દરઅસલ જ્ઞેયમાં જણાય શું ?

**દાદાશ્રી :** એ પછી સમજાશે. અત્યારે હમણે એકદમ ઉતાવળ ના કરવી.

### ભાવના, 'સૂક્ષ્મ દાદા'ને પામવાની

**પ્રશ્નકર્તા :** આપને મળ્યા પછી ભાવ તો હંમેશાં એવો રહે જ કે દાદાને મળીએ, દાદાને મળીએ પણ સંજોગો ના બાઝતા હોય તો શું ?

**દાદાશ્રી :** એનો ઉપાય નહીં. જે સંયોગો ના બાઝે એ બધું 'વ્યવસ્થિત.' ભાવથી સંયોગો ઊભા કરવા. આમ અંદરના ભાવના સંયોગો, નિદિધ્યાસન, એ બધું કરવું. આ બહારના એ દ્રવ્યથી સંજોગ કહેવાય. એને આંખો પણ જોઈ શકે, કાનો સાંભળી શકે અને આ ના થાય તો પેલું ભાવથી કરવું.

**પ્રશ્નકર્તા :** ભાવના તો રાખી છે, કે આપના સિવાય કંઈ જ ખપતું નથી.

**દાદાશ્રી :** એ બરોબર છે. મહીં ચાલે મારા ભઈ, ચાલે, ભાવના ચાલે. ભાવનાઓનો લાભ મળે.

**પ્રશ્નકર્તા :** એટલે એક્ઝેક્ટ ભાવના શું હોવી જોઈએ તો ?

**દાદાશ્રી :** સૂક્ષ્મ દાદાની.

**પ્રશ્નકર્તા :** એટલે અત્યારે દેહધારીરૂપે જ દાદા મનાય છે એવું થયું ?

**દાદાશ્રી :** હા, આ આંખે દેખાતાને જ દાદા માને છે. બાકી મૂળ દાદા ભગવાન જુદા. આ દેખાય એ દાદા જુદાં અને પાછો વચ્ચેનો ભાગ, સૂક્ષ્મ દાદા.

**પ્રશ્નકર્તા :** વચ્ચેનો ભાગ એ જ જ્ઞાની ? એ સૂક્ષ્મ દાદા વચ્ચેના, એટલે એ જ્ઞાની પુરુષનું પદ ?

**દાદાશ્રી :** હા, જેનું આપણે નિદિધ્યાસન કરીએ છીએ.

**પ્રશ્નકર્તા :** ભાવના જે કહી, ભાવના કઈ હોવી ઘટે, જે આપે કહ્યું સૂક્ષ્મ દાદાની ?

**દાદાશ્રી :** જ્યાં સુધી નિદિધ્યાસન રહે, તો કોઈ જાતનો વાંધો નહીં આવે. આ સ્થૂળ હાજરી ખોળે તો વાંધો આવશે.

## હજારો વર્ષ સુધી રહેશે સૂક્ષ્મ દાદા

**પ્રશ્નકર્તા :** અને આ જ મૂર્તિનું (દાદાનું) નિદિધ્યાસન હશે, તો વાંધો નહીં આવે ?

**દાદાશ્રી :** ફર્સ્ટક્લાસ રહેશે, હાઈક્લાસ રહેશે. હાલતું-ચાલતું, બોલતું બધું રહેશે. અત્યારે કેટલાય લોકો એમાં રહેતા હશે ! અમેરિકામાંય રોજ મળ્યા કરે, કહે છે ને બધા. આપના દર્શન થાય છે ને અમારો દહાડો વળે છે. એવું અમે ના હોય તોય સૂક્ષ્મ દાદા હજારો વર્ષો સુધી ચાલશે.

**પ્રશ્નકર્તા :** મૂર્તિનું નિદિધ્યાસન સૂક્ષ્મ દાદામાં ગણાય ?

**દાદાશ્રી :** નિદિધ્યાસન બેસે છે તે ? હા, તે સૂક્ષ્મ દાદા ગણાય.

**પ્રશ્નકર્તા :** બીજું શું શું આવે એમાં ?

**દાદાશ્રી :** હરતાં-ફરતાં, વાંચતાં-બોલતાં...

**પ્રશ્નકર્તા :** એ તો આ સ્થૂળ દૈહિક ક્રિયાઓ બધી દેખાય.

**દાદાશ્રી :** એ દેખાય એટલું જ નહીં, પોતાની જોડે જ લાગે એવું. વાતો હઉ કરતાં દેખાય. તે કાયમ ટકે. આ સ્થૂળ ટકે નહીં. આ તો શ્વાસોશ્વાસવાળા, પેલામાં શ્વાસોશ્વાસ ના હોય.

આપણે સૂક્ષ્મ ભેદે છે તે નિદિધ્યાસન રાખવું દાદા જોડે. ટિકિટ વગરના દાદા ને ટિકિટવાળા દાદા, બેમાં ફેર. ટિકિટ વગરના દાદા આપણે અમેરિકા જોડે તેડી જવાના, ટિકિટવાળા અહીં રહે. અહીં સત્સંગ કરે ને બધાની જોડે.

**પ્રશ્નકર્તા :** દાદાના સત્સંગનું, વાણીનું નિદિધ્યાસન રહે તે ? જ્ઞાનવાણીનું ચિંતવન હોય તેનાથી શું થાય ?

**દાદાશ્રી :** એય નિદિધ્યાસનમાં જ ખપે. ગમે તે દાદાનું ચિંતવન હોય, એ નિદિધ્યાસનમાં ખપે. એ સ્થૂળ રૂપે હાજર ના હોય તોય હજારો વર્ષો થઈ શકે.

કવિરાજ લખે છે ને,

'કંઠે બિરાજો હે દાદા,
ઉચ્ચરાવો સવળી ભાષા.'

હે દાદા ! કંઠે બિરાજો. એટલે વાણી સુધરી જાય. અહીં ગળે દાદાનું નિદિધ્યાસન કરીએ તોય વાણી સુધરી જાય.

## સૂક્ષ્મ દાદા પહોંચાડે નિરાલંબ તરફ

**પ્રશ્નકર્તા :** આપે કહ્યુંને, આ સ્થૂળ પછી સૂક્ષ્મ દાદા અને ત્રીજું કહ્યુંને... ?

**દાદાશ્રી :** ભગવાન.

**પ્રશ્નકર્તા :** તેનું કનેક્શન કઈ રીતે રાખી શકાય ?

**દાદાશ્રી :** ભગવાન શી રીતે ચિંતવન થાય ? એ તો નિરંજન-નિરાકાર, કષ્ટે કરીને શી રીતે થાય ?

**પ્રશ્નકર્તા :** એનું કનેક્શન કેવી રીતે ગોઠવી શકીએ ?

**દાદાશ્રી :** એ તો મહીં બધો કચરો માલ નીકળી જાય, પછી દર્શનમાં આવે. અમે નથી કહેતા કે અમને દેખાય છે, નિરાલંબ. જેને અવલંબન કશું

લેવું ના પડે. મૂળ સ્વરૂપ દેખાવું, મૂળ સ્વરૂપની તાદશ્યતા, જેને કેવળજ્ઞાન (સ્વરૂપ) કહ્યું તે. સમજપૂર્વકનું દેખાયા કરે ને બીજું જ્ઞાનપૂર્વકનું દેખાય.

**પ્રશ્નકર્તા :** નિરાલંબ સ્વરૂપ આપને દેખાય છે, એવું ને ?

**દાદાશ્રી :** હા, નિરંતર, છેલ્લામાં છેલ્લું સ્વરૂપ, નિરાલંબ.

**પ્રશ્નકર્તા :** અમને પોતાને દેખાય, એવું બનવું જોઈએ ?

**દાદાશ્રી :** હં, તમને આ અવલંબન આપેલું છે શબ્દનું, 'હું શુદ્ધાત્મા છું' શબ્દના અવલંબનથી શુદ્ધાત્મા થયું અને તે અનુભૂતિ થઈ, એ મોક્ષના દરવાજામાં પેસી ગયા. એને કોઈ પાછો ના કાઢી શકે, જાણી-જોઈને કોઈ લઢવાડ ના કરે તો. મહીં પેસીને જો લઢવાડ કરે તો પાછો કાઢી મૂકે. એ કાયદેસર રહે તો વાંધો નહીં.

**પ્રશ્નકર્તા :** આ શબ્દ અવલંબન પછી સૂક્ષ્મ દાદાની કેટલી હેલ્પ થાય ?

**દાદાશ્રી :** પેલી બાજુ લઈ જાય, નિરાલંબમાં લઈ જાય.

**પ્રશ્નકર્તા :** આ દૈહિક નિદિધ્યાસન નિરાલંબમાં લઈ જાય ?

**દાદાશ્રી :** એમણે જે જોયું છે ત્યાં સુધી લઈ જાય.

**પ્રશ્નકર્તા :** પણ એમાં દૈહિક નિદિધ્યાસન વધારે હેલ્પ કરે છે કે વાણીનું નિદિધ્યાસન વધારે હેલ્પ કરે ?

**દાદાશ્રી :** બધાય ભેગા થઈને હેલ્પ કરે. હા... એ જ્યાં સુધી જોયું છે ત્યાં સુધી લઈ જાય.

**પ્રશ્નકર્તા :** આપને નિરાલંબ દાદા ભગવાન એટલે જે મૂળ સ્વરૂપ દેખાયું તે એ કેવું સ્વરૂપ ?

**દાદાશ્રી :** અહીં હોય નહીં કોઈ, શેના આધારે ઓળખાવીએ ?

**પ્રશ્નકર્તા :** એ કેવળજ્ઞાન સ્વરૂપ કહેવાય ?

**દાદાશ્રી :** પણ સમજરૂપે, જ્ઞાનરૂપે નહીં. ઍબ્સોલ્યુટ, જેમાં કોઈ મિક્ષ્ચર નહીં એ સ્વરૂપમાં. તમારું તો મિક્ષ્ચરવાળું. શુદ્ધાત્માની બાટલી સાથે, બુચ સાથે. આત્મા એ બાટલી, શુદ્ધ એ બૂચ. નહીં તો ઢળી જાય તમારું બધું તો.

## કાયમના દાદા ખોળી કાઢવાના

**પ્રશ્નકર્તા :** આ સ્થૂળ દાદા જશે પછી આપણે શું કરીશું, એનો દાદા શું જવાબ આપે છે ?

**દાદાશ્રી :** હં, આપણે તો કાયમના દાદા ખોળી કાઢવાના. આ દાદા તો છોંત્તેર વર્ષના ને ગમે ત્યારે દેહ છૂટે ને ગબડી પડે, એનું શું કહેવાય ? એના કરતાં આપણે કાયમના દાદા ખોળી કાઢ્યા હોય તો ભાંજગડ ખરી પછી ? પછી રહ્યા તો સો વર્ષ છો ને જીવે, આપણને વાંધો નથી. પણ આપણે આપણું ખોળી કાઢીને બેસવું.

પાંચ આજ્ઞા પાળતો હોય તો એ અમારી પ્રત્યક્ષ હાજરી છે ! પ્રત્યક્ષપણું સૂચવે છે એ. આપણને પાંચ આજ્ઞા આપીને ગયેલા છે, પછી આપણને શું ? એ પોતે જ છે ને ?

આ પાંચ આજ્ઞા કોઈ પણ જગ્યાએ અને ગમે તે ટાઈમે સર્વ સમાધાન આપે એવી છે. માટે આ હોય તો સમાધાન રહેશે. એટલે એ સેફસાઈડ છે તમારી, કમ્પ્લિટ સેફસાઈડ !

**પ્રશ્નકર્તા :** આપ તો દાદા, આપની પાસે આવનારને કેટલા બધા નિરાલંબ બનાવી દો છો !

**દાદાશ્રી :** ત્યારે શું કરે ? હિંમત તો રાખવી જોઈએ ને ! આપણે સ્થિર રહેવું જોઈએ ને ! એટલે આપણે બેસવાના પાટિયા ઉપર બેસવું. આજ્ઞા પાળી કે બેસવાનું પાટિયું મળી ગયું, બસ.

અમારી આજ્ઞા એ 'અમે' જ છીએ, 'પોતે' જ છીએ. અમારી પાંચ આજ્ઞામાં રહેવાનો પ્રયત્ન કરો.

## 'અભેદ દાદા' ભૂલાતા નથી

આ 'અક્રમ વિજ્ઞાન' છે ! આ એક અવતારી જ્ઞાન છે ! અને જો આ જ્ઞાનની આરાધના અમારી આજ્ઞાપૂર્વક કરવામાં આવે ને, તો નિરંતર સમાધિ રહે ! તમે ડૉક્ટરની લાઈન કરો તોય (અંદર) નિરંતર સમાધિ રહે. કશું જ નડશે નહીં ને અડશે નહીં. આ તો બહુ ઊંચું વિજ્ઞાન છે ! તેથી કવિરાજ કહે છે કે દસ લાખ વર્ષે આવું થયું નથી, એવું આ થયું છે.

**પ્રશ્નકર્તા :** શરણાગતિ જોઈએ એમ ?

**દાદાશ્રી :** ના, અહીં શરણાગતિ જેવી કશી વસ્તુ જ નથી. અહીં તો અભેદભાવ છે. મને તમારા કોઈની જોડે જુદાઈ લાગતી જ નથી ને આ દુનિયા જોડેય જુદાઈ લાગતી નથી.

**પ્રશ્નકર્તા :** આપ તો બહુ ઊંચી કોટિના છો, અમે તો બહુ નીચી કોટિના છીએ.

**દાદાશ્રી :** ના, એવું નથી. તમે તો મારી કોટિના જ છો. તમે મને જોયા જ કરો, તેનાથી મારારૂપ થયા કરો. બીજો કોઈ રસ્તો નથી. જેને તમે જુઓ, તે રૂપ થયા કરો.

આપણે અહીં હજારો માણસો એવા હશે કે તમે એમને જઈને પૂછો કે દાદા તમને યાદ આવે છે ? ત્યારે એ કહે, 'ચોવીસે કલાકમાં એક સેકન્ડ પણ દાદા ભૂલાયા નથી ! કોઈ એવો દિવસ નથી ગયો કે અમે દાદાને એક સેકન્ડ ભૂલ્યા હોઈએ ! અને ના ભૂલ્યા હોય પછી એમને દુઃખ હોય જ નહીં ત્યાં આગળ. જ્યારે દાદાને ભૂલે જ નહીં તો જગત વિસ્મૃત જ રહ્યા કરે ને ! એકની સ્મૃતિ તો બીજાની વિસ્મૃતિ. દાદાની સ્મૃતિ તો જગતની વિસ્મૃતિ. કેટલાક માણસો દાદાની ભક્તિમાં ચઢી જાય. નિરંતર દાદાને યાદ કરીને ભક્તિમાં ચઢી જાય. બીજા કેટલાક જ્ઞાનમાં રહેનારા માણસો, અને તેમાંય પાછા પૂરેપૂરા આજ્ઞામાં રહેનારા અમુક જ માણસો, પણ બધાનો એક અવતારી, બે અવતારી, પાંચ અવતારી થઈને પણ ઉકેલ આવી જાય. અને પેલા ભક્તિમાં ચઢ્યા છે, એમનોય ઉકેલ તો આવશે. કારણ કે બીજી ઉપાધિ મટી ગઈ ને ! તમે આ દશાની ભક્તિ કરો છો, તે તમેય એવા થઈ જવાના. જેને ભજે તેને પૂરું પામે.

## જ્ઞાનીનું નિદિધ્યાસન એ જ સ્વપરિણતિ

**પ્રશ્નકર્તા :** અમને બધાને દાદાનું અવલંબન છે એનું શું ?

**દાદાશ્રી :** દાદાનું અવલંબન છે ને, તે આ દાદાનું નથી તમને. એટલે એ તમારો જ આત્મા છે. કૃપાળુદેવે તેથી કહ્યુંને કે જ્યાં સુધી આપણે આત્મા યથાર્થ જોયો નથી, યથાર્થ એટલે પ્રતીતિ છે, શ્રદ્ધામાં છે પણ યથાર્થતા ઉત્પન્ન થઈ નથી, ત્યાં સુધી જ્ઞાની પુરુષ એ પોતાનો જ આત્મા છે. આ અવલંબન ના કહેવાય. તેથી અમે કહીએ છીએ ને કે 'અરે ! દાદા, દાદા કરજો ને, તમારું કામ થઈ જશે.' આ અજાયબી છે આ કાળની ! અગિયારમું આશ્ચર્ય !

'દાદા ભગવાન' એ સ્વપરિણતિ કરવાનું જ્ઞાન ! અને હમણે બીજા કોઈ ભગવાન હોય તો પરપરિણતિ ઉત્પન્ન થાય. આ તો દાદા ભગવાન આપણે કોને ઉદ્દેશીએ છીએ ? મહીં જે પ્રગટ થયા

છે તેને ઉદ્દેશીએ છીએ. માટે એ જ મુખ્ય વસ્તુ છે, એ સ્વપરિણતિ છે.

'દાદા ભગવાન' સાધન નથી, આલંબન નથી, પોતાનું જ સ્વરૂપ છે. તમારું સ્વરૂપ જ 'દાદા ભગવાન' છે. જો આલંબન હોય તો તો પરપરિણતિ ઊભી જ છે. એ આલંબન નથી, માટે એ સ્વપરિણતિ છે. કો'ક જ વખત આવું બને છે. તીર્થંકરોને માટે ખરું. કારણ કે એમનામાં અહંકાર નહીં ને ! અને ક્રમિક માર્ગના જ્ઞાનીમાં તો અહંકાર રહે એટલે પરપરિણતિ રહે. એ એમનું અવલંબન ને નિદિધ્યાસન એ પરપરિણતિ કહેવાય અને આ સ્વપરિણામી ચીજ છે.

**પ્રશ્નકર્તા :** 'જ્ઞાની પુરુષ એ જ તમારો આત્મા છે' એવું કહો છો, તો તેમનું નિરંતર નિદિધ્યાસન રહે તો એને સ્વપરિણતિ કહેવાય ?

**દાદાશ્રી :** હા, એ સ્વપરિણતિ કહેવાય.

દાદા યાદ રહ્યા કરે ને, તે આત્મરમણતા કહેવાય. જ્ઞાની પુરુષ એ પોતાનો આત્મા છે. એટલે મૂળ આત્મા તો હજુ પકડતાં જ વાર લાગે એને પણ જ્ઞાની પુરુષની રમણતા કરીએ ને, આમ આંખો સામે દેખાય હરતાં-ફરતાં, પછી બીજું વધારે શું જોઈએ ? એથી વધારે શું જોઈએ ?

આ 'દાદા'નું નિદિધ્યાસન કરીએ તો એમનામાં જે ગુણો છે ને, તે ઉત્પન્ન થાય આપણામાં.

## જ્ઞાની પુરુષનું નિદિધ્યાસન એ સ્પષ્ટવેદન

જ્યાં સુધી આત્માનું સ્પષ્ટ વેદન નથી, ત્યાં સુધી જ્ઞાની પુરુષનું નિદિધ્યાસન એ સ્પષ્ટ વેદન છે.

કૃપાળુદેવે શું કહ્યું કે જ્ઞાની પુરુષ અગર સદ્ગુરુ એ જ આપણો આત્મા છે. ક્યાં સુધી, કે જ્યાં સુધી સ્પષ્ટ વેદન તમને થયું નથી, અસ્પષ્ટ વેદન છે મહીં. સુખ ઉત્પન્ન થાય છે પણ કેવી રીતે, ક્યાંથી થાય છે ને શું થાય છે એ જ્યાં સુધી અસ્પષ્ટ છે, ત્યાં સુધી જ્ઞાની પુરુષ તમારો આત્મા છે અને મહીં સ્પષ્ટ ઉત્પન્ન થયું, એટલે તમે છૂટા થયા. પછી સ્વતંત્ર થયા. અસ્પષ્ટ ત્યાં સુધી જ્ઞાની પુરુષનું અવલંબન છે. એ પોતાનો શુદ્ધાત્મા છે, પોતાનો જ આત્મા છે. એ જે કહે એમ કરવાનું, તો પછી બધા આગમોનો ભેદ, બધા શાસ્ત્રોનો ભેદ પોતાને પમાય.

કૃપાળુદેવે કહ્યું, આત્મા તો જ્ઞાનીના હૃદયમાં છે. ચોપડીઓમાં સ્થૂળ આત્મા છે. એ સ્થૂળ આત્મા કામમાં લાગે નહીં, સૂક્ષ્મતમ આત્મા જોઈએ. જેને કેવળજ્ઞાન કહેવાય એ જોઈએ. એ સૂક્ષ્મતર સુધી તો પહોંચવું જોઈએ ને ? અમે સૂક્ષ્મતર સુધી પહોંચ્યા છીએ, એવું આ વિજ્ઞાન છે ! હવે સૂક્ષ્મતમમાં જવાનું બાકી છે.

## દાદાનું નિદિધ્યાસન કામ કાઢી નાખે

કૃપાળુદેવે કહ્યું છે કે જ્ઞાની પુરુષ એ પોતાનો આત્મા છે, માટે એમના નિદિધ્યાસનથી તે રૂપ કરે. શું થાય ?

**પ્રશ્નકર્તા :** નિદિધ્યાસનથી તે રૂપ કરે.

**દાદાશ્રી :** નિદિધ્યાસન વધારે ફળ આપે. બધા કરતા નિદિધ્યાસન, આ દેખાયા કરે ને, તો એ બહુ જ ફળ આપે.

તારે દાદા યાદ રહ્યા કરે છે કે ?

**પ્રશ્નકર્તા :** નિદિધ્યાસન તો રહે જ હવે. ચોવીસ કલાક રહે છે દાદા.

**દાદાશ્રી :** ચોવીસ કલાક ? તો બે કલાક ઓછું કરવું'તું ને !

**પ્રશ્નકર્તા :** રાતમાં કદાચ બીજા સ્વપ્ના

આવે ને દાદા રહેતા ન હોય તો ખબર નથી. બાકી જાગતા તો રહે જ છે.

**દાદાશ્રી :** હવે ચોવીસ કલાક રહે છે, તો પછી તમારે કેટલા કલાક નિદિધ્યાસન રહે છે ?

**પ્રશ્નકર્તા :** મને તો દાદા જ યાદ રહે. ભગવાનેય નથી યાદ આવતા હવે.

**દાદાશ્રી :** એમ ! બહુ સારું એ તો. દાદા જેવું તો એકુંય લાભકારી જ નથી. આ તો વર્લ્ડની અજાયબી છે ! કોઈ દહાડો કોઈ કાળે બને નહીં, એવી વસ્તુ થઈ છે. તેમાં જો પુણ્યશાળી હોય તો કામ નીકળી જાય.

## વીતરાગી દાદાના નિદિધ્યાસને થાય કલ્યાણ

**પ્રશ્નકર્તા :** આપ્તવાણી વાંચતા વાંચતા 'દાદા' દેખાય છે !

**દાદાશ્રી :** હા... 'દાદા' દેખાય, 'એક્ઝેક્ટ' 'દાદા' દેખાય. જ્યાં ઈચ્છા કરે ત્યાં 'દાદા' દેખાય એવા છે અને આપણું ફળ મળે એવું છે. આ 'દાદા' નહોય. આ દેખાય છે, એ તો ભાદરણના પટેલ છે. એ બોલે છે તેય 'દાદા' નહીં, એ તો 'ટેપ રેકર્ડ' બોલે છે. 'દાદા' એ 'દાદા' છે ! જે વીતરાગ છે, ચૌદ લોકનો નાથ છે ! જેને 'અમે' પણ ભજીએ છીએ. જે મહીં વીતરાગ બેઠા છે તે 'દાદા' છે. આ તો મહીં પ્રગટ થઈ ગયા છે ! કેટલાય લોકોનું કલ્યાણ થઈ જશે ! હાથ અડાડશે ને, તેનું કલ્યાણ થઈ જશે ! આ તો 'અક્રમ વિજ્ઞાન' છે !

જે જીવતા છે એવા 'જ્ઞાની પુરુષ'નું ધ્યાન તે નિદિધ્યાસન કહેવાય. ચિત્તવૃત્તિ નિર્મળ કરવાનો નાનામાં નાનો ઉપાય એટલે ઓછામાં ઓછા નિસ્પૃહી માણસોનો સંગ અને છેલ્લામાં છેલ્લો સંપૂર્ણ નિર્મળ કરવાનો ઉપાય એટલે વીતરાગનું નિદિધ્યાસન ! ચિત્તવૃત્તિ નિર્મળ થાય એટલે 'જ્ઞાની પુરુષ' યાદ આવ્યા કરે !

## 'જ્ઞાની પુરુષ'ના નિદિધ્યાસને નિરાલંબ દશા

'દાદા'નું અવલંબન લે ને, એટલે એ જે નિરાલંબ છે, એ દશા આપણને નિરાલંબ બનાવે. તેથી અમે કહીએ છીએ ને કે દાદાનું અવલંબન લો. 'શુદ્ધાત્મા' એ નિરાલંબ નથી. એ તો તમને હેલ્પીંગ (સહાયક) છે. એટલે બીજું કશું ના આવડે ને એકલું 'દાદા'નું નિદિધ્યાસન કરે ને, તો એમાં બધું આવડી જાય. બીજું અત્યારે કેટલુંક કરે તે માણસ !

જેને દાદાનું નિદિધ્યાસન રહે, તેને બધા જ તાળાં ઊઘડી જાય. દાદા જોડે અભેદતા એ જ નિદિધ્યાસન છે ! બહુ પુણ્ય હોય ત્યારે એવું જાગે, અને 'જ્ઞાની'ના નિદિધ્યાસનનું સાક્ષાત્ ફળ મળે છે. એ નિદિધ્યાસન, પોતાની શક્તિ એ પ્રમાણે કરી આપે, તે રૂપ કરી આપે. કારણ કે 'જ્ઞાની'નું અચિંત્ય ચિંતામણિ સ્વરૂપ છે. એટલે તે રૂપ કરી નાખે. 'જ્ઞાની'નું નિદિધ્યાસન નિરાલંબ બનાવે. પછી 'આજે સત્સંગ થયો નહીં, આજે દર્શન થયા નહીં' એવું કશું એને ના રહે. જ્ઞાન પોતે નિરાલંબ છે, એવું પોતે નિરાલંબ થઈ જવું પડે, 'જ્ઞાની'ના નિદિધ્યાસનથી.

'જ્ઞાની પુરુષ'નું નિદિધ્યાસન તે જ સાધન અને તેથી આત્મા પ્રગટ થયા કરે. જે 'બિલિફ' થાય તેવા સાધનો મળી આવે. 'સ્વ'ની 'બિલિફ' થઈ પછી તેનું જ્ઞાન થવા માટે એક જ સાધન હોય - 'જ્ઞાની પુરુષ !'

જેનું નિદિધ્યાસન કરો તેવો આત્મા થઈ જાય. જેનું નિદિધ્યાસન કરે તે રૂપ થાય. નિદિધ્યાસન તો એક જ્ઞાનીનું કરવા જેવું. એનાથી એમની બધી શક્તિઓ પોતામાં પ્રગટ થાય. બીજું કશું કરવા જેવું નથી.

**- જય સચ્ચિદાનંદ**

## કોઈ જીવને કિંચિત્‌માત્ર દુઃખ ન થાય તે અભયદાન

મારાથી કોઈને ભય પ્રાપ્ત થાય એ તો મને બહુ દુઃખ લાગતું'તું. મારી હસ્તીથી જો ભય પ્રાપ્ત થાય તો હું કેવો હોઉ ? આ વાઘનોય ભય લાગે છે ને મારોય ભય, તો તો મારામાં ને વાઘમાં ફેર શું રહ્યો ?

**પ્રશ્નકર્તા :** આપણે પણ વાઘ જેવા જ થઈ ગયા.

**દાદાશ્રી :** હિંસક જ કહેવાઈએ ને ! હિંસક જાનવરો જેવા જ થયા ને ! ભય કેમ લાગવો જોઈએ ? ઊલટો એનો ભય જતો રહે એવું આપણે થવું જોઈએ. એવું ના બની શકે તો ભય થવાનું તો ન જ હોવું જોઈએ આપણાથી. એની કાંઈ લિમિટ તો હોવી જોઈએ ને ? એ અભયદાન. કોઈને ભય ના પમાડે. આપણે જેની પાસે માગતા હોઈએ, ઉઘરાણી કરવા જઈએ ને, છતાં પણ આપણાથી ભય ના પામે એવી સ્થિતિમાં રાખે એવું. કેળવતા વાર લાગે પણ આપણા મનમાં ભાવ તો રાખવો જ જોઈએ ને, કે મારે અભયદાન આપવું છે.

**પ્રશ્નકર્તા :** અભયદાન એટલે શું, એ જરા વિગતવાર સમજાવો.

**દાદાશ્રી :** અભયદાન એટલે આપણાથી કોઈ જીવને કિંચિત્‌માત્ર દુઃખ ન થાય. તે કૂતરું અહીં સૂઈ રહ્યું હોય ને, તો એને એ જાગવું પડે એવું હું ના કરું. આમ પગ બહુ ઊંચા લઈને જતો હતો. બૂટનો અવાજ ના થવા દઉં. મને એમ થતું કે મને કોઈ ફફડાવે તો મારું શું થાય ? માટે કૂતરાનેય હું ના ફફડાવું. એવી રીતે આખી લાઈફ ગયેલી. કોઈને કિંચિત્‌માત્ર દુઃખ થાય નહીં.

પણ ભડકાટ ન થાય એ બિચારાને, એવી રીતે જીવન જીવેલો. અભયદાન, એને ભય ના કરાવડાવો જોઈએ. નિર્ભય બનાવવો જોઈએ. આપણાથી કોઈ જીવને દુઃખ ના થાય, ત્રાસ ના થાય એવું જીવન રાખવું. કોઈને ભય ના લાગે એવું જીવન હોવું જોઈએ.

આ તો આવતા આવતા બૂટ તો ખખડાવે એ ખખડાવે પણ ઉપરથી પેલો કૂતરો સહેજ ભસે ને, તો એ બે જોડા મારી આવેય ખરો ! મેર ચક્કર, આ બધું શું કરે છે ? બેભાનપણે ! એટલે અભયદાન આપો. કોઈ જીવને કિંચિત્‌માત્ર દુઃખ ન થાય એવું જ જીવન હોવું જોઈએ. અનંત અવતાર દુઃખ દઈને જીવ્યા. એ જેટલું દુઃખ આપશો ને, એ પાછું તમારે લેવાની શક્તિ હોય તો આપજો. દુઃખ પાછા લેવાની, આપણે ભોગવવાની શક્તિ હોય તો આપજો. આપણે ત્યાં રિવાજ કેવો હોય છે ? આપણે ત્યાં લગ્ન હોય ને, તો 'ભઈ, પેલાને ત્યાં ત્રણ જ માણસ છે, તે ત્રણ તેરી નવ લાડું આપજો', કહે છે. ત્યારે એને ત્યાં લગ્ન હોય તો કેટલા

આપી જાય ? એય નવ જ આપી જાય. એ કંઈ વીસ આપી જાય ? એટલે આ વ્યવહાર છે બધો સંસારનો. જેવું સુખ આપો એવું તમને સુખ સામો આપશે. દુઃખ આપો તો દુઃખ આપશે.

કોઈને પણ દુઃખ ના હો અને તમારા દુઃખ હોય તે અમને સોંપો. લોકોને, બીજાને દુઃખ આપીને સુખી થવું, તેના જેવી નિષ્ઠા કઈ જાતની ? બીજાને દુઃખ આપીને સુખી થવું, બને જ કેમ કરીને ? બીજાને દુઃખ અપાય જ કેમ કરીને ? કોઈને દુઃખ આપીને આપણે સુખવાળા થઈએ નહીં. માટે સુખની દુકાન કાઢો. બધાને સુખ જ આપો ને પછી જો દુઃખ તમારે ત્યાં આવે તો મને કહેજો, જવાબદારી મારી. પહેલું છ મહિના, બાર મહિના દુકાન જરા મોળી ચાલશે પણ પછી બાર મહિના પછી સરસ ચાલશે.

આ બધા જીવડાં-બીવડાં પાકે છે બધા, એ થથરે છે તમને દેખીને. તે એ એની મેળે ભય પામે એ વાત જુદી છે, બાકી તમારે ભય ન પમાડવો જોઈએ.

અભયદાન એટલે શું ? અહીં ચકલા બધા બેઠા હોય તો ઊડી જશે એમ માનીને આપણે આમ ધીમે રહીને, પેલી બાજુ રહીને જતા રહેવું અહીંથી. ક્યાં જોયા અભયદાની પુરુષો ? અભયદાન તો મોટામાં મોટું દાન છે ! અમે નિરંતર અભયદાન જ આપીએ છીએ, બીજું કશું આપતા નથી. અમારા જો સામાવાળિયા થયેલા હોય તો તેમનેય જઈને કહી આવું, કે 'ભઈ, તમે સામા થશો પણ હું સામો નહીં થઉં. આપણે કંઈ હોય તો બધું નિકાલ કરી નાખો, મારી ભૂલ થઈ હોય તો.'

**પ્રશ્નકર્તા :** આ અભયદાનનો એક્સ્ટ્રીમ કેસ (જબરજસ્ત દાખલો) છે !

**દાદાશ્રી :** અમારું કહેલું અભયદાન, એવું જો દાન આપવાનું કોઈ શીખી ગયો તો કલ્યાણ થઈ જાય !

ભયનું દાન આપવાની પ્રેક્ટિસ તો લોકોને પહેલેથી છે, નહીં ? ભયનું દાન આપવાનું ! 'હું તને જોઈ લઈશ', કહેશે. લ્યો, એ અભયદાન કહેવાય કે ભયનું દાન કહેવાય ?

અભયદાન તો આપણા મહાત્માઓને નિરંતર હોય. જે ફાઈલોનો સમભાવે નિકાલ કરે છે. સાહેબ, તમે કરેલું કે નહીં, ફાઈલોનો સમભાવે નિકાલ ?

**પ્રશ્નકર્તા :** કરીએ છીએ.

**દાદાશ્રી :** અભયદાન તો પરમ વિનય છે ને ! ઊંચામાં ઊંચું દાન અભયદાન છે ! તે માણસોને બધે થઈ શકે એવું છે પણ એ તો કરતા જ નથી લોકો. એમાં કંઈ પૈસા ખર્ચવાના નથી. થઈ શકે એમ છે, તોય નથી કરતા. ઊલટું બીજાને ભય ઊભો થઈ જાય છે આમ.

**- પરમ પૂજ્ય દાદાશ્રીની જ્ઞાનવાણીમાંથી સંકલિત**

## આત્મજ્ઞાની પૂજ્યશ્રી દીપકભાઈના સત્સંગ કાર્યક્રમો - લાઈવ વેબકાસ્ટ દ્વારા

| | | |
|---|---|---|
| **૪ નવેમ્બર** | રાત્રે ૮-૩૦ થી ૧૦-૩૦ | **દિવાળી નિમિત્તે વિશેષ ભક્તિ** |
| **૫ નવેમ્બર** | સવારે ૮ થી ૯-૧૫ | **નૂતન વર્ષની ઉજવણી** |

### પરમ પૂજ્ય દાદા ભગવાનનો ૧૧૪મો જન્મજયંતી મહોત્સવ

| | | |
|---|---|---|
| **૧૭ નવેમ્બર** | સવારે ૧૦ થી ૧૨-૩૦ | **સત્સંગ** |
| | સાંજે ૫-૩૦ થી ૭-૩૦ | **સત્સંગ** |
| **૧૮ નવેમ્બર** | સવારે ૮ થી ૯-૧૫ | **જન્મજયંતી દિવસ ઉજવણી** |
| **(દર્શન)** | સવારે ૧૦-૩૦ થી ૧૨-૩૦ | **જન્મજયંતી દિવસ ઉજવણી** |
| | સાંજે ૫-૩૦ થી ૭-૩૦ | |
| **૧૯ - ૨૦ નવેમ્બર** | સવારે ૧૦ થી ૧૨-૩૦ | **સત્સંગ** |
| | સાંજે ૫-૩૦ થી ૭-૩૦ | **સત્સંગ** |
| **૨૧ નવેમ્બર** | સવારે ૧૦ થી ૧૨-૩૦ | **સત્સંગ** |
| | સાંજે ૪ થી ૭-૩૦ | **જ્ઞાનવિધિ** |

### ડિસેમ્બર પારાયણ - આપ્તવાણી-૧૪ ભાગ-૨ અને ભાગ-૩

**૨૫ ડિસેમ્બર થી ૧ જાન્યુઆરી - પારાયણ - વાંચન અને પ્રશ્નોત્તરી**

**નોંધ : આપ્તવાણી ૧૪ ભાગ - ૨ પેજ નં ૩૪૬થી વાંચન,** 'સવારના પહોરમાં સંયોગોનો'....

**૨ જાન્યુઆરી - પરમ પૂજ્ય દાદાશ્રીની પુણ્યતિથિ નિમિત્તે વિશેષ કાર્યક્રમ**

## જૂનાગઢ ત્રિમંદિર પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ

આત્મજ્ઞાની પૂજ્ય દીપકભાઈના સાંનિધ્યમાં...

**તા. ૭ થી ૯ જાન્યુઆરી ૨૦૨૨**

**નોંધ : વધુ વિગત આપને Akonnect દ્વારા જાણ કરવામાં આવશે.**

**[ઉપરોક્ત કાર્યક્રમમાં સમય-સંજોગને આધીન ફેરફાર થઈ શકે છે.]**

---

### દાદાવાણીના વાર્ષિક/૧૫ વર્ષના મેગેઝિનના સભ્યો માટે સૂચના

આપનું લવાજમ પૂરું ક્યારે થાય છે, તે કઈ રીતે જાણશો ? આપને ત્યાં આવેલ દાદાવાણીના કવરના એડ્રેસ લેબલ પરના મેમ્બરશીપ નંબરના છેલ્લા છ અંક તપાસો. દા.ત. DGFT555/**08-2028** એટલે તમારું લવાજમ ઓગષ્ટ-૨૦૨૮માં પૂરું થાય છે.

---

**ત્રિમંદિરોના સંપર્ક : અડાલજ :** ૯૩૨૮૬૬૧૧૬૬-૭૭ ; **રાજકોટ :** ૯૯૨૪૩૪૩૪૭૮ ; **ભુજ** ૯૯૨૪૩૪૫૫૮૮ ; **ગોધરા :** ૯૭૨૩૭૦૭૭૩૮ ; **મોરબી :** ૯૯૨૪૩૪૧૧૮૮ ; **સુરેન્દ્રનગર :** ૯૭૩૭૦૪૮૩૨૨ ; **અમરેલી :** ૯૯૨૪૩૪૪૪૬૦ ; **વડોદરા :** ૯૫૭૪૦૦૧૫૫૭ ; **અંજાર :** ૯૯૨૪૩૪૬૬૨૨ ; **જામનગર :** ૯૯૨૪૩૪૩૬૮૭ ; **મુંબઈ :** ૯૩૨૩૫૨૮૯૦૧

**અન્ય સેન્ટરોના સંપર્ક : અમદાવાદ (દાદા દર્શન) :** (૦૭૯) ૨૭૫૪૦૪૦૮ ; **વડોદરા (દાદા મંદિર) :** ૯૯૨૪૩૪૩૩૩૫ ;
**U.S.A.-Canada:** +1 877-505-3232; **U.K.:** +44 330-111-3232; **Australia :** +61 402179706



# પૂજ્ય નીરુમા / પૂજ્ય દીપકભાઈને નિહાળો ટીવી ચેનલ પર



## ભારત

- **'દૂરદર્શન ગિરનાર'** પર દરરોજ સવારે ૭-૩૦ થી ૮-૩૦, રાત્રે ૯ થી ૧૦
- **'અરિહંત'** ચેનલ પર દરરોજ સવારે ૨-૫૦ થી ૩-૫૦, બપોરે ૨-૩૦ થી ૩, રાત્રે ૮ થી ૯
- **'વાલમ'** પર દરરોજ સાંજે ૬ થી ૬-૩૦ **(ફક્ત ગુજરાત રાજ્યમાં)**
- **'સ્વરશ્રી'** પર દરરોજ સાંજે ૬ થી ૬-૩૦ **(ફક્ત ગુજરાત રાજ્યમાં)**
- **'दूरदर्शन उत्तरप्रदेश'** पर हर रोज़ सुबह 7-30 से 8, रात 8-30 से 9-30 **( हिन्दी में )**
- **'साधना'** पर हर रोज़ सुबह 7-50 से 8-15 तथा रात 9-30 से 9-55 **( हिन्दी में )**
- **'उड़ीसा प्लस'** पर हर रोज़ सुबह 7-30 से 8 **( हिन्दी में - केवल उड़ीसा राज्य में )**
- **'दूरदर्शन सह्याद्रि'** पर हर रोज़ सुबह 7 से 7-30 **( मराठी में )**
- **'आस्था कन्नड़ा'** पर हर रोज़ दोपहर 12 से 12-30 तथा शाम 4-30 से 5 **( कन्नड़ा में )**

## USA - Canada

- 'TV Asia'- પર દરરોજ સવારે ૭-૩૦ થી ૮ EST

## U K

- **'वीनस'** टीवी पर हर रोज़ सुबह 8 से 8-30 GMT ( हिन्दी में )
- **'વીનસ'** ટીવી પર દરરોજ સવારે ૮-૩૦ થી ૯ GMT
- **'MA TV'** પર દરરોજ સાંજે ૫-૩૦ થી ૬-૩૦ GMT

## Australia

- **'Rishtey'** पर हर रोज़ सुबह 8 से 8-30 तथा दोपहर 1-30 से 2 ( हिन्दी में )

## Fiji - NZ - Singapore - SA - UAE

- **'Rishtey-Asia'** पर हर रोज़ सुबह 6 से 6-30 तथा 7-30 से 8 ( हिन्दी में )

## USA - UK - Africa - Australia

- **'આસ્થા ગ્લોબલ'** પર સોમ થી શુક્ર રાત્રે ૧૦ થી ૧૦-૩૦
  ( ડિશ ટીવી ચેનલ **UK-૮૪૯**, **USA-૭૧૯** ) ( ગુજરાતી અને હિન્દીમાં )

નવેમ્બર ૨૦૨૧
વર્ષ-૨૭, અંક-૩
સળંગ અંક-૩૧૫

દાદાવાણી

Date Of Publication 1st of Every Month
Reg. no. of Newspaper 67543/95
Reg. no. G-GNR-347/2021-2023
valid up to 31-12-2023
LPWP Licence No. PMG/NG/037/2021-23
Valid up to 31-12-2023
Posted at SRO Gandhinagar
on 1st of every month.

## 'જ્ઞાની'નું નિદિધ્યાસન એ જ છેલ્લી ભક્તિ

જેનું નિદિધ્યાસન કરે તે રૂપ થાય. આ કોઇ ગ્રેજ્યુએટ હોય, પણ જો એ ખેતરમાં જઇને બળદિયા જ ચલાવે તો બળદિયા રૂપ થઇ જાય, કારણ કે એનું નિદિધ્યાસન થાય છે. તેથી જેના સંગમાં આવ્યો અને તેનું નિદિધ્યાસન થાય તો તે રૂપ થઇ જાય. દાદા નિરંતર યાદ રહે છે એ નિદિધ્યાસન કહેવાય. નિદિધ્યાસનથી એમની બધી શક્તિ પોતાને પ્રાપ્ત થાય. આ શ્રવણ અને મનનથી નિદિધ્યાસન વધતું જાય. 'જ્ઞાની'નું નિદિધ્યાસન એ જ 'હું શુદ્ધાત્મા છું' રૂપ છેલ્લી ભક્તિ છે.

**- દાદાશ્રી**

માલિક - મહાવિદેહ ફાઉન્ડેશન વતી પ્રકાશક અને મુદ્રક - ડિમ્પલ મહેતાએ અંબા ઓફસેટ, B-૯૯, GIDC, સેક્ટર-૨૫, ગાંધીનગર-૩૮૨૦૨૫ ખાતે છપાવી પ્રકાશિત કર્યું.